# પ્રેમ કરો બાર પર્વ આરાધના



# પાંચમ પર્વ


પ્રેરક : શ્રી પ્રેમ ગુરુ કૃપાપાત્ર શિષ્યરત્ન પ.પૂ.આ.ભ. શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મ.સા.

: પ્રકાશક :

શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર જૈન ટ્રસ્ટ - શંખેશ્વર



શ્રી જીરાવલાપાર્શ્વનાથ ભગવાન



શ્રી શંખેશ્વરપાર્શ્વનાથ ભગવાન



શ્રી ભક્તિપાર્શ્વનાથ ભગવાન




શ્રી ભગવતી સરસ્વત્યૈ નમઃ

॥ શ્રી જીરાવલા-શંખેશ્વર-ભક્તિ પાર્શ્વનાથાય નમઃ ॥
॥ અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમ ગણધરાય નમઃ ॥
॥ શ્રી ધર્મ-ભક્તિ-પ્રેમ-સુબોધ ગુરુભ્યો નમઃ ॥

# પ્રેમે કરો

# બાર પર્વ આરાધના

## શ્રી જ્ઞાન પંચમી આરાધના સંગ્રહ



પ્રેરક : તપાગચ્છસૂર્ય પ્રશાન્તમૂર્તિ ૧૦૮ પાર્શ્વનાથ મહાપ્રાસાદના પ્રેરક **પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના શિષ્ય રત્ન પ.પૂ. પંન્યાસ પ્રવરશ્રી રત્નશેખર વિજયજી ગણિવર**
(પંચપરમેષ્ઠીમાં તૃતિયપદે આરૂઢ થનાર)

સંપાદક : **પ.પૂ. મુનિશ્રી પ્રશાંતશેખરવિજયજી મ.સા.**

ઉપયોગ :- પ્રભુભક્તિ અને સ્વાધ્યાય

• પ્રકાશક •
**શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર જૈન ટ્રસ્ટ**
**(શંખેશ્વર)**
ફોન : ૦૨૭૩૩-૨૭૩૩૨૫, ૨૭૩૪૪૪.

## • નિમિત્ત •

તપાગચ્છસૂર્ય પ્રશાન્તમૂર્તિ ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર ટ્રસ્ટના પ્રણેતા **પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.** ના તપાગચ્છાધિપતિ પદ પાટોત્સવે તથા ૭૫ વર્ષના સંયમ જીવનના હીરક મહોત્સવે અને આચાર્યપદ પ્રદાન મહોત્સવે...

વૈશાખ સુદ-૧૦ (પ્રથમ)
તા. ૭-૫-૨૦૦૬, રવિવાર


**આવૃતિ** : **પ્રથમ**

**નકલ** : **૧૦૦૦**

**ટાઈપસેટીંગ** : **જૈનમ્ ગ્રાફીક્સ,**
સી-૧૪૧, પહેલા માળે, બી.જી. ટાવર્સ,
દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ.
ફોન : ૨૫૬૨૭૪૬૯.

**પ્રાપ્તિસ્થાન** : **શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર જૈન ટ્રસ્ટ - શંખેશ્વર**

# પ્રસ્તાવના

શ્રી વીતરાગ પરમાત્મા પ્રરૂપિત, સર્વજ્ઞકથિત, તીર્થંકર પ્રભુએ સ્થાપિત આ જૈન શાસનમાં આત્માની ઉન્નતિ, પ્રગતિ, શુદ્ધિ અને સિદ્ધિ માટે બાર પર્વોની સ્થાપના કરવામાં આવેલ છે, પર્વનો અર્થ જ એ થાય છે કે જે પર્વની આરાધના કરવાથી જીવનમાં રાગ-દ્વેષ-કષાયભાવ પાપ, દોષ આદિનું શમન (ક્ષય) થાય અને આત્માને ક્યારેય કોઈપણ ભવમાં આનંદની અનુભૂતિ ન થઈ હોય એવા પ્રકારના આનંદની અનુભૂતિ પર્વ આરાધના દ્વારા શક્ય બને તેનું નામ પર્વ.

જે આરાધે પર્વ તે જીવ કદી ન કરે ગર્વ, જે ન કરે ગર્વ તે જ આરાધી શકે આ બાર પર્વ

જીવનના ક્ષેત્રમાં દોષોનું દહન, કર્મોનું શમન, પાપોનું પક્ષાલન ન થાય ત્યાં સુધી આત્માને શુદ્ધિ-સિદ્ધિ ક્યારેય પ્રાપ્ત થતી નથી, માટે જ પ્રભુએ જુદા-જુદા પર્વોની આરાધના દ્વારા તપ-ત્યાગના ભાવો ખુબ વધે તે જ માટે આ પર્વોના આયોજન કરેલ છે.

**બીજ પર્વ :**

બીજના ચંદ્રમાની પેઠે ખીલતું આત્માનું પુષ્પ સર્વવિરતિ અથવા દેશવિરતિ ધર્મની આરાધના દ્વારા ખીલતો ખીલતો આત્મા પૂર્ણિમાના ચંદ્રની જેમ અખંડ ચંદ્ર બની આત્મા અખંડ આનંદની અનુભૂતિ કરી શકે માટે આ બીજ પર્વની આરાધના કરવાની છે.

**જ્ઞાન પંચમી અને નેમનાથ જન્મકલ્યાણક પર્વ :**

તીર્થંકર પરમાત્માની ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલ, નિર્વાણ આ પાંચ કલ્યાણકોની આરાધના દ્વારા આત્માને જ્ઞાનના પાંચ ગુણો જે બતાવવામાં આવ્યા છે તે પ્રાપ્ત થાય છે. મતિ- ુત અવધિ-મન પર્યવ અને કેવલ આ પાંચ જ્ઞાન તીર્થંકરોની ભક્તિની શક્તિ દ્વારા પ્રાપ્ત થતાં હોય છે. અને મંદ બુદ્ધિ વાળા જીવો જો આ જ્ઞાનપંચમીની આરાધના કરે તો જ્ઞાનનો ક્ષયોપશમ તીવ્ર બને છે. અલ્પ બુદ્ધિ વાળા જીવો પણ જ્ઞાનની પ્રાપ્તિ વાળા થાય છે માટે જ પંચમી પર્વ બતાવવામાં આવેલ છે.

**અષ્ટમીપર્વ :**

મુખ્યત્વે આત્મા સમયે સમયે એક આયુષ્ય કર્મ સિવાય બાકીના સાત કર્મો સતત બાંધે છે, એ આઠે આઠ કર્મોને નષ્ટ કરવા માટે તથા અષ્ટ મહાસિદ્ધિઓના ધારક બનીને આત્મા પરંપરાએ સિદ્ધિદશાને પામી શકે માટે અષ્ટમી પર્વનું વિધાન છે.

**પોષદશમી પર્વ :**

આત્માને તીર્થંકર પરમાત્માની ભક્તિ કરવાનો સુઅવસર પ્રાપ્ત થાય અને આ ભવમાં તો અવશ્ય સમાધિમરણની પ્રાપ્તિ કરાવી આપે અને પરંપરાએ સદ્‌ગતિનો ભોક્તા બનાવે અને ઉત્તરો ઉત્તર મોક્ષસુખના ફળો પ્રાપ્ત કરાવી આપે એવો જો કોઈપણ પર્વ હોય તો એક માત્ર પાર્શ્વ પ્રભુનો જન્મ કલ્યાણક પર્વ કે જે આ અવસર્પિણીકાલમાં પુરૂષાદાનીય તથા પ્રકટ પુણ્યશાળી તથા પ્રબલ આદેય નામ કર્મી તીર્થંકર પરમાત્માનો જન્મ કલ્યાણક સંબંધિ પર્વ એટલે આ પર્વ...

**મૌન એકાદશી પર્વ :**

મૌન રહેવાથી આત્મામાં શક્તિનું એક જબરદસ્ત સંયમ (સંગ્રહ) થાય છે. વર્ષમાં એક દિવસ ઉપવાસ કરીને તથા મૌન રહીને દરેક દરેક ક્રિયાથી અવશ્ય દોઢસો ગણું લાભ આત્માને પ્રાપ્ત થાય અને સાથે સાથે દોઢસો કલ્યાણકોની ઉજવણી સ્વરૂપે દોઢસો ગણી, ભક્તિનો લાભ પણ પ્રાપ્ત થાય એવો જો કોઈપણ પર્વ હોય તે માત્ર આ મૌન એકાદશી પર્વ. (ઉપવાસ એક અને લાભ અનેક)

**ચૈત્રી પૂનમની આરાધના :**

શત્રુંજય પર્વતપર પાંચ ક્રોડ મુનીઓની સાથે મોક્ષ સુખ મેળવનાર એવો કોઈપણ આત્મા હોય તે પુંડરિક સ્વામી ગણધર ભગવંત આ આત્માએ આજના દિને મોક્ષ સુખ પ્રાપ્ત કરેલ એવા આત્માની આરાધના દ્વારા જેમ પૂર્ણિમાનો ચાંદ સોળે કળાએ ખીલે છે ને અખંડ સ્વરૂપને ધારણ કરે છે તેજ રીતે આત્મા આ દિવસે આ પર્વની આરાધના કરે તો અવશ્ય અખંડ આનંદનો રસાસ્વાદને અવશ્ય પામે માટે ચૈત્રી પૂનમ પર્વ બતાવેલ છે.

## ચૌમાસી પર્વ :

ચાર-ચાર માસના ત્રણ વિભાગો અને એમાં પણ ત્રણ અઠ્ઠાઈઓનું વિધાન.

અષાઢી ચૌમાસ થી કારતક ચોમાસી પર્યંત...૧

કારતક ચૌમાસી થી ફાગણ ચોમાસી પર્યંત... ૨

ફાગણ ચૌમાસી થી અષાઢ ચોમાસી પર્યંત... ૩

આ રીતે ત્રણ ચોમાસી પર્વ બતાવવામાં આવેલ છે. ત્રણેય ચોમાસીમાં ફરજિયાત અઠ્ઠાનો વિધાન છે. આ ત્રણેય ચોમાસીમાં જ બાર પર્વોનો પણ સમાવેશ થાય છે, માટે જ આ ચોમાસી પર્વ મુખ્યત્વે ચારે ચાર ગતિના દુઃખોના નિવારણ માટે તથા ચારેય કષાયો પર વિજયતા મેળવવા માટે આ પર્વની આરાધના કરવામાં આવેલ છે.

## પર્વ પર્યુષણ આરાધના પર્વ :

આ પર્વ બારેય બાર પ્રકારના પર્વોમાં જો કોઈપણ પર્વ પર્વાધિરાજ અથવા પર્વોના સમ્રાટ તરીકેનું કોઈ બિરુદ ધરાવતું હોય તો તે એકમાત્ર આ પર્વ છે. આ પર્વ એટલે ક્ષમાપના મહાપર્વ છે. જીવનમાં જો ક્ષમા ભાવ નથી આવતો તો હજુ પર્વ આરાધના તમારાથી દૂર છે, એ સિદ્ધ થાય છે. દરેકે-દરેકે પર્વ રાગ દ્વેષની ગ્રંથિઓને નિર્મૂલ કરવા તથા જીવનમાં ક્ષમાના પુષ્પો ખીલવવા માટેના છે. માટે જ આ પર્વ મુખ્યત્વે સાંવત્સરિક ક્ષમાપના મહાપર્વ તરીકે પણ પ્રખ્યાત છે.

## નવપદ આરાધના સિદ્ધચક્ર મહાપર્વ :

અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય અને સાધુ તથા દર્શન-જ્ઞાન-ચારિત્ર તપ આ રીતે નવપદજીનું સંકલન છે. આમાં દેવ-ગુરૂ અને ધર્મ આ ત્રણ તત્વો એટલે તત્ત્વત્રયીનો વિનિયોગ પણ છે. આના મુખ્ય આસો તથા ચૈત્ર માસના દિવસોમાં વિશિષ્ઠ રીતે આરાધના થતી હોય છે, આ દિવસો શાશ્વત દિવસો છે. કારણ આ પર્વની આરાધના દરેકે-દરેક તીર્થંકરોના શાસનમાં ફરજિયાત થતી હોય છે. માટે જ નવપદના દિવસે અખંડ આંકજ તરીકે પણ સિદ્ધ થાય છે અને અખંડ આનંદ આપનારા છે.

## દિવાળી પર્વની આરાધના :

આ અવસર્પિણી કાલના છેલ્લા ૨૪ માં તીર્થંકર પ્રભુ મહાવીરસ્વામીના નિર્વાણકલ્યાણક સંબંધિ દિન એટલે દિવાળી પર્વ. પ્રભુ પોતે ભાવ દીવા સમા હતા, પણ નિર્વાણ પામવાથી લોકોએ દ્રવ્ય દિવા પ્રગટ કર્યા, ત્યારથી આ પર્વની શરૂઆત થઈ છે.

આ બારેય બાર પર્વો મુખ્યત્વે તીર્થંકર ભગવંતોએ સ્થાપ્યા છે. આપણાં દરેકે દરેક પર્વોમાં પ્રભુએ તપ-ત્યાગ-સાધના-આરાધના-ઉપાસના ને જ મહત્વ આપ્યું છે. ક્યાંય કોઈપણ પર્વમાં મોજ-શોખ કે એશ આરામની વાત જોવા નથી મળતી. જેમાં તપ-ત્યાગ આરાધના વિ. ના હોય તેને પર્વ પણ ન કહેવાય, માટે આ બારેય પર્વોની આરાધના સારી રીતે કરી શકે તે વસ્તુને ધ્યાનમાં લઈને દરેક જીવો કંઈક કંઈક ધર્મ કરી શકે એજ ધ્યેય થી મારા શિષ્ય મુનિશ્રી પ્રશાંતશેખરવિજયજી મ.સા. સંપૂર્ણ બારેય પર્વોનો સંપૂર્ણ સાહિત્યનો સંકલન કરી છપાવવા માટે આ પ્રયાસ આદર્યો છે, તે ખરેખર અનુમોદનીય છે. તથા પ્રુફ સંશોધન કરી આપવામાં પ્ર.પૂ.સા.શ્રી વિદ્યુત્પ્રભાશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા.શ્રી રત્નપ્રભાશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા.શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ. સાહેબે પણ સુંદર સહકાર આપેલ છે.

આ પુસ્તકનો સુંદર સદ્‌ઉપયોગ કરી અને બારે બાર પર્વોની આરાધના કરી-કરાવી તમારા આત્માને વધુને વધુ નિર્મલ બનાવી ઉત્તરોત્તર ઉન્નતિના શિખરો સર કરે અને પરંપરાએ શિવસુખનો ભોક્તાબને.

એજ મનોકામના સાથે.....

શ્રી ૧૦૮ તીર્થ પ્રેરક તપાગચ્છસૂર્ય, ગચ્છાધિપતિ પ્રશાંતમૂર્તિ આચાર્યભગવંત **શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી** મ.સા. ના શિષ્ય રત્ન પંન્યાસપ્રવરશ્રી **રત્નશેખર વિજયજી** મ.સા.

(પંચપરમેષ્ઠીમાં તૃતિયપદે આરૂઢ થનાર)

# અનુક્રમણિકા



| નામ | પેજનંબર |
|---|---|
| ❑ શ્રી આ.વિજય લક્ષ્મી સૂરિકૃત દેવવંદન | ૧ થી ૨૧ |
| ❑ શ્રી જ્ઞાનપંચમી ચૈત્યવંદન | ૨૧ થી ૨૫ |
| ❑ શ્રી જ્ઞાનપંચમીની થોય | ૨૫ થી ૨૬ |
| ❑ શ્રી જ્ઞાનપંચમીનું ૬ ઢાળનું સ્તવન | ૨૬ થી ૩૪ |
| ❑ શ્રી જ્ઞાનપંચમીનું ૫ ઢાળનું સ્તવન | ૩૫ થી ૪૩ |
| ❑ શ્રી જ્ઞાનપંચમીનું ૬ ઢાળનું સ્તવન | ૪૩ થી ૫૦ |
| ❑ શ્રી જ્ઞાનપંચમીનું ૫ ઢાળની સજ્ઝાય | ૫૦ થી ૫૩ |
| ❑ પાંચમની સજ્ઝાય | ૫૩ થી ૫૫ |
| ❑ શ્રાવણસુદ પંચમી આરાધના ચૈત્યવંદન | ૫૫ થી ૫૭ |
| ❑ પાંચમની સ્તુતિઓ | ૫૭ થી ૫૯ |
| ❑ શ્રી નેમનાથનો સલોકો | ૫૯ થી ૬૬ |
| ❑ શ્રી નેમનાથના સ્તવન | ૬૭ થી ૭૦ |
| ❑ શ્રી નેમનાથની નવભવની સજ્ઝાય | ૭૦ |
| | |
| | |

# જ્ઞાનપંચમી પર્વ આરાધના સંગ્રહ
## આચાર્ય વિજયલક્ષ્મીસૂરિ કૃત
## અથ શ્રી જ્ઞાનપંચમી દેવવંદન પ્રારંભ
## ॥ અથ શ્રી મતિજ્ઞાન ॥

## મતિજ્ઞાનનું ચૈત્યવંદન

શ્રી સૌભાગ્ય પંચમી તણો, સયલ દિવસ શણગાર,
પાંચે જ્ઞાન ને પૂજીયે, થાયે સફલ અવતાર ...૧
સામાયિક પૌષધ વિષે, નિરવદ્ય પૂજા વિચાર,
સુગંધ ચૂર્ણાદિક થકી, જ્ઞાન ધ્યાન મનોહાર ...૨
પૂર્વ દિશિ ઉત્તર દિશિ, પીઠ રચી ત્રણ સાર,
પંચ વરણ જિન બિંબને, સ્થાપી જે સુખકાર ...૩
પંચ પંચ વસ્તુ મેલવી, પૂજા સામગ્રી જોગ
પંચ વરણ કલશા ભરી, હરીયે દુઃખ ઉપભોગ ...૪
યથા શક્તિ પૂજા કરો, મતિજ્ઞાનને કાજે,
પંચ જ્ઞાનમાં ધુરે કહ્યું, શ્રી જિનશાસન રાજે. ...૫
મતિ શ્રુત વિણ હોવે નહિં, અવધિ પ્રમુખ મહાજ્ઞાન,
તે માટે મતિ ધુરેં કહ્યુ, મતિ શ્રુતમાં મતિ માન ...૬
ક્ષય ઉપશમ આવરણનો, લબ્ધિ હોય સમકાલે,
સ્વામ્યાદિકથી અભેદ છે, પણ મુખ્ય ઉપયોગ કાલે ...૭
લક્ષણ ભેદે ભેદ છે, કારણ કારજ યોગેં,
મતિ સાધન શ્રુત સાધ્ય છે, કંચન કલશ સંયોગે ...૮

પરમાતમ પરમેસરુએ, સિદ્ધ સયલ ભગવાન,
મતિજ્ઞાન પામી કરી, કેવલ લક્ષ્મી નિધાન ...૯

પછી નમુત્થુણં, જાવંતિ, ખમાસમણ, જાવંત, નમોર્હત્ કહી સ્તવન કહેવું. તે આ પ્રમાણે.

## શ્રી મતિજ્ઞાનનું સ્તવન

પ્રણમો પંચમી દિવસે જ્ઞાનને,
ગાજે જગમારે જેહ સુજ્ઞાની
શુભ ઉપયોગે ક્ષણમાં નિર્જરે,
મિથ્યા સંચિત ખેહ સુજ્ઞાની. ...૧
સંત પદાદિક નવ દ્વારે કરી,
મતિ અનુયોગ પ્રકાશ સુજ્ઞાની
નય વ્યવહારે આવરણ ક્ષય કરી,
અજ્ઞાની જ્ઞાન ઉલ્લાસ સુજ્ઞાની ...૨
જ્ઞાની જ્ઞાન લહે નિશ્ચય કહે,
દો નય પ્રભુજી ને સત્ય સુજ્ઞાની
અંતર્મુહૂર્ત રહે ઉપયોગથી,
એ સર્વ પ્રાણીને સત્ય સુજ્ઞાની ...૩
લબ્ધિ અંતર્મુહૂર્ત લઘુપણે,
છાસઠ સાગર જીટ્ઠ સુજ્ઞાની
અધિકો નરભવ બહુવિધ જીવને,
અંતરકદીયે ન દીટ્ઠ સુજ્ઞાની ...૪
સંપ્રતિ સમયે એક બે પાંમતા,

હોય અથવા નવિ હોય સુજ્ઞાની
ક્ષેત્ર પલ્યોપમ ભાગ અસંખ્યમાં,
પ્રદેશ માને બહુ જોય સુજ્ઞાની ...૫
મતિજ્ઞાન પામ્યા જીવ અસંખ્ય છે,
કહ્યા પડિવાઈ અનંત સુજ્ઞાની
સર્વ આશાતન વરજો જ્ઞાનની,
"**વિજયલક્ષ્મી**" લહો સંત સુજ્ઞાની ...૬

પછી જયવીયરાય કહી ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન ! **શ્રી મતિજ્ઞાન આરાધનાર્થં કાઉસ્સગ્ગં કરું ?** ઈચ્છં શ્રી મતિજ્ઞાન આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં - વંદણવત્તિઆએ અને અન્નત્થ કહી એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પારીને થોય કહેવી... તે આ પ્રમાણે

## શ્રી મતિજ્ઞાનની થોય

શ્રી મતિજ્ઞાનની તત્ત્વભેદથી,
પર્યાયે કરી વ્યાખ્યાજી,
ચઉવિહ દ્રવ્યાદિકને જાણે,
આદેશે કરી દાખ્યાજી.
માને વસ્તુ ધર્મ અનંતા,
નહી અજ્ઞાન વિવક્ષાજી,
તે મતિજ્ઞાન ને વંદો પૂજો,
"**વિજયલક્ષ્મી**" ગુણ કાંક્ષાજી.

પછી ખમાસમણ દઈ મતિજ્ઞાનના અઠ્યાવીશ ગુણના અઠ્યાવીશ ખમાસમણ આપવા. તે આ પ્રમાણે.

# શ્રી મતિજ્ઞાનના દુહા

શ્રી શ્રુતદેવી ભગવતી, જે બ્રાહ્મી લિપિ રુપ,
પ્રણમે જેહને ગોયમા, હું વંદુ સુખ રુપ,...
જ્ઞેય અનંતે જ્ઞાનના, ભેદ અનેક વિલાસ,
તેહમાં એકાવન કહું, આતમ ધર્મ પ્રકાશ,...
ખમાસમણ એક એકથી, સ્તવીયેં જ્ઞાન ગુણ એક
એમ એકાવન દીજીયેં, ખમાસમણ સુવિવેક...
શ્રી સૌભાગ્ય પંચમી દિનેં, આરાધો મતિજ્ઞાન,
ભેદ અઠ્ઠાવીશ એહના, સ્તવીયેં કરી બહુમાન...
ઈન્દ્રિય વસ્તુ પુદ્ગલા, મલવે અવતવ નાણ,
લોચન મન વિણુ અક્ષતેં, વ્યંજનાવગ્રહ જાણ...
ભાગ અસંખ્ય આવલિ લઘુ, સાસ પહુતઠિઈ જિટ્ઠ,
પ્રાપ્યકરી ચઉ ઈન્દિયા, અપ્રાપ્યકારી દુગ દિટ્ઠ...
**સમકિત શ્રદ્ધાવંતને, ઉપન્યો જ્ઞાન પ્રકાશ,**
**પ્રણમું પદકજ તેહના, ભાવ ધરી ઉલ્લાસ ... ૧**
આ દુહો દરેક ખમાસમણ વખતે બોલવો.
નહી વર્ણાદિક યોજના, અર્થાવગ્રહ હોય,
નો ઈન્દ્રિય પંચ ઈંદ્રિયે, વસ્તુ ગ્રહણ કાંઈ જોય ૨ સમ
અન્વય વ્યતિરેકે કરી, અંતર્મુહૂર્ત પ્રમાણ,
પંચેન્દ્રિય મનથી હોયે, ઈહા વિચારણા જ્ઞાન ૩ સમ
વર્ણાદિક નિશ્ચય વસે, સુરનર એહીજ વસ્તુ,
પંચેન્દ્રિય મનથી હોય, ભેદ અપાય પ્રશસ્ત, ૪ સમ

નિર્ણિત વસ્તુ સ્થિર ગ્રહે, કાલાંતર પણ સાચ,
પંચેન્દ્રિય મનથી હોયે, ધરા અર્થ ઉવાચ, ૫ સમ
નિશ્ચય વસ્તુ ગ્રહે છતે, સંતત ધ્યાન પ્રકામ,
અપાયથી અધિકગુણે; અવિચ્યુતિ ધારણા ઠામ ૬ સમ
અવિચ્યુતિ સ્મૃતિતણું, કારજ કારણ જેહ,
સંખ્ય અસંખ્ય કાલજ સુધી, વાસના ધારણા તેહ ૭ સમ
પૂર્વોત્તર દર્શન દ્વય, વસ્તુ અપ્રાપ્ય એકત્વ,
અસંખ્યકાલે એ તેહ છે, જાતિ સ્મરણે તત્વ ૮ સમ
વાજિંત્ર નાદ લહી ગ્રહે, એતો દુંદુભિ નાદ,
અવગ્રહાદિક-જાણે બહુ, ભેદ એ મતિ આલ્હાદ ૯ સમ
દેશ સામાન્યે વસ્તુ છે, ગ્રહે તદપિ સામાન્ય,
શબ્દ એ નવ નવ જાતિનો, એ અબહુ મતિમાન ૧૦ સમ
એકજ તુરિયના નાદમાં, મધુર તરુણાદિક જાતિ,
જાણે બહુવિધ ધર્મશું, ક્ષય ઉપશમની ભાતિ ૧૧ સમ
મધુરતાદિક ધર્મમાં, ગ્રહવો અલ્પ સુવિચાર,
અબહુ વિધ મતિ ભેદનો, કીધો અર્થ વિસ્તાર ૧૨ સમ
શીઘ્રમેવ જાણે સહી, નવિ હોય બહુ વિલંબ,
ક્ષિપ્ર ભેદ એ જ્ઞાનનો, જાણો મતિ અવલંબ ૧૩ સમ
બહુ વિચાર કરી જાણીએ, એ અક્ષિપ્રહ ભેદ,
ક્ષયોપશમ વિચિત્રતા, કહે મહાજ્ઞાની સંવેદ ૧૪ સમ
અનુમાને કરી કો ગ્રહે, ધ્વજથી જિનવર ચૈત્ય,
પૂર્વ પ્રબંધ સંભારીને, નિશ્ચિત ભેદ સંકેત ૧૫ સમ
બાહિર ચિન્હ ગ્રહે નહી, જાણે વસ્તુ વિવેક,

અનિશ્રિત એ ધારીયે, આભિનિબોધિક ટેક ૧૬ સમ
નિ:સંદેહ નિશ્ચય પણે, જાણે વસ્તુ અધિકાર,
નિશ્ચિત અર્થ એ ચિંતવો; મતિજ્ઞાન પ્રકાર ૧૭ સમ
એમ હોયે વા અન્યથા, એમ સંદેહે જુત્ત,
ધરે અનિશ્ચિત ભાવથી, વસ્તુ ગ્રહણ ઉપયુક્ત ૧૮ સમ
બહુ પ્રમુખ ભેદે ગ્રહ્યું, જિમ એકદા તિમ નિત્ય.
બુદ્ધિ થાયે જેહને, એ ધ્રુવ ભેદનું ચિત્ત... ૧૯ સમ
બહુ પ્રમુખ રુપે કદા, અબહ્યાદિક રુપ,
એ રીતે જાણે તદા, ભેદ અધ્રુવ સ્વરુપ... ૨૦ સમ
અવગ્રહાદિક ચઉભેદમાં, જાણવા યોગ્ય તે જ્ઞેય,
તે ચઉભેદે ભાખિયો, દ્રવ્યાદિકથી ગણેય...
જાણે આદેશેં કરી, કેટલા પર્યાય વિશિષ્ઠ,
ધર્માદિક સવિ દ્રવ્યને, સામાન્ય વિશેષ ગરિટ્ઠ... ૨૧ સમ
સામાન્યદેશે કરી, લોકાલોક સ્વરુપ,
ક્ષેત્રથી જાણે સર્વને, તત્ત્વ પ્રતીત અનુરુપ,... ૨૨ સમ
અતીત અનાગત વર્તના, અદ્ધા સમય વિશેષ,
આદેશેં જાણે સહુ, વિતથ નહિ લવલેશ, ૨૩ સમ
ભાવથી સવિ હું ભાવનો, જાણે ભાગ અનંત,
ઉદયિકાદિક ભાવ જે, પંચ સામાન્ય લહંત ૨૪ સમ
અશ્રુત નિશ્ચય જાણીયે, મતિના ચાર પ્રકાર,
શીઘ્ર સમય રોહા પરે, અકલ ઔત્પાત્તિકી સાર ૨૫ સમ
વિનય કરંતા ગુરુતણો, પામે મતિ વિસ્તાર
તે વૈનયિકિ મતિ કહી, સઘલા ગુણ શિરદાર ૨૬ સમ

કરતાં કાર્ય અભ્યાસથી, ઉપજે મતિ સુવિચાર,
તે બુદ્ધિ કહી કાર્મિકી, નંદી સૂત્ર મઝાર, ૨૭ સમ
જે વયના પરિપાકથી, લહે બુદ્ધિ ભરપૂર,
કમલ વને મહાહંસને, પારિણામિકિ એ સનૂર,
અડવીશ બત્રીશ દુગચઉ, ત્રણશેં ચાલીશ જેહ,
દર્શનથી મતિ ભેદ તે **'વિજયલક્ષ્મી'** ગુણ ગેહ. ૨૮ સમ

## અથ શ્રી શ્રુતજ્ઞાન

પછી ખમાસમણ દેઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ **શ્રી શ્રુતજ્ઞાન આરાધનાર્થં ચૈત્યવંદન કરું ?** કહી ચૈત્યવંદન કહેવું તે નીચે પ્રમાણે

## શ્રી શ્રુતજ્ઞાનનું ચૈત્યવંદન

શ્રી શ્રુતજ્ઞાનને નિત્ય નમો, સ્વપર પ્રકાશક જેહ,
જાણે દેખે જ્ઞાનથી, શ્રુતથી ટલે સંદેહ, ... ૧
અનભિલાપ્ય અનંતભાવ, વચન અગોચર દાખ્યા
તેહનો ભાગ અનંતમો, વચન પર્યાયે આખ્યા ... ૨
વળી કથનીય પદાર્થનો એ, ભાગ અનંતમો જેહ,
ચઉદે પૂરવમાં રચ્યો, ગણધર ગુણ સસનેહ ... ૩
માંહે માંહે પૂરવધરા, અક્ષર લાભે સરિખા
છઠ્ઠાણવડીયા ભાવથી, તે શ્રુત મતિય વિશેષા ... ૪
તેહીજ માટે અનંતમેં, ભાગ નિબદ્ધા વાચા,
સમકિત શ્રુતના માનીયે, સર્વ પદારથ સાચા ... ૫

દ્રવ્ય ગુણ પર્યાયે કરી, જાણે એક પ્રદેશ,
જાણે તે સવિ વસ્તુને, નંદીસૂત્ર ઉપદેશ ... ૬
ચોવીશ જિનના જાણીએ, ચઉદ પૂરવધર સાધ,
નવશત તેત્રીશ સહસ છે, અઠાણુ નિરુપાધ ... ૭
પરમત એકાંતવાદીનાં, શાસ્ત્ર સકલ સમુદાય,
તે સમકિતવંતે ગ્રહ્યા, અર્થ યથારથ થાય ... ૮
અરિહંત શ્રુતકેવલી કહે એ, જ્ઞાનાચાર ચરિત્ર,
શ્રુતપંચમી આરાધના, "**વિજયલક્ષ્મીસૂરિ**" ચિત્ત... ૯

પછી નમુત્થુણં. જાવંતિ, ખમાસમણ. જાવંત. નમોડર્હત્.
કહી સ્તવન કહેવું તે આ પ્રમાણે.

## શ્રી શ્રુતજ્ઞાનનું સ્તવન

શ્રી શ્રુત ચઉદ ભેદે કરી, વરણવે શ્રી જિનરાજ રે,
ઉપધાનાદિ આચારથી, સેવિયે શ્રુત મહારાજ રે.
શ્રુત શું દિલ માન્યો, દિલ માન્યો રે મન માન્યો.
પ્રભુ આગમ સુખકાર રે શ્રુતશું.. .૧
એકાદિ અક્ષર સંયોગથી, અસંયોગી અનંત રે,
સ્વ પર પર્યાયે એક અક્ષરો, ગુણ પર્યાય અનંતરે શ્રુત. ૨
અક્ષરનો અનંતમો, ભાગ ઉઘાડો છે નિત્ય રે,
તે તો અવરાહે નહિ, જીવ સૂક્ષ્મનું એ ચિત્તરે શ્રુત. ૩
ઈચ્છે સંભાલવા ફરી પૂછે, નિસુણિ ગ્રહે વિચારંતરે.
નિશ્ચય ધારણા તિમ કરે, ધીગુણ આઠ એ ગણંતરે શ્રુત. ૪
વાદી ચોવીસ જિનતણા, એક લાખ છત્રીશ હજાર રે
બેસે સયલ સભામાંહે, પ્રવચન મહિમા, અપાર રે શ્રુત. ૫

ભણે ભણાવે સિદ્ધાંતને, લખે લખાવે જેહ રે,
તસ અવતાર વખાણીયે, **'વિજયલક્ષ્મી'** ગુણગેહ રે શ્રુત. ૬

પછી જયવીયરાય કહી. ખમાસમણ દેઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ? **શ્રી શ્રુતજ્ઞાન આરાધનાર્થં કાઉસ્સગ્ગં કરું ?** ઈચ્છં શ્રી શ્રુતજ્ઞાન આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં, વંદણવત્તિઆએ. અન્નત્થ. કહી ૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી પારીને થોય કહેવી. તે આ પ્રમાણે

## શ્રી શ્રુતજ્ઞાનની સ્તુતિ

ત્રિગડે બેસી શ્રી જિન ભાણ, બોલે ભાષા અમીય સમાણ,
મત અનેકાન્ત પ્રમાણ
અરિહંત શાસન સફરી સુખાણ, ચઉ અનુયોગ જિહાં ગુણખાણ
આતમ અનુભવ ઠાણ.
સકલ પદારથ ત્રિપદિ જાણેં, જોજન ભૂમિ પસરે વખાણ
દોષ બત્રીશ પરિહાણ.
કેવલી ભાષિત તે શ્રુતનાણ, 'વિજયલક્ષ્મીસૂરિ' કરે બહુમાન
ચિત્ત ધરજો તે સયાણ ॥ ૧ ॥

પછી ખમાસમણ દેઈ શ્રુતજ્ઞાનના ચઉદ ગુણના ચૌદ ખમાસમણ આપવા તે આ પ્રમાણે.

## શ્રી શ્રુતજ્ઞાનના દુહા

વંદો શ્રી શ્રુતજ્ઞાનને, ભેદ ચતુર્દશ વીશ,
તેહમાં ચઉદશ વર્ણવું, શ્રુત કેવલી શ્રુતઈશ
ભેદ અઢાર પ્રકારના, એમ સવિ અક્ષરમાન
લબ્ધિ સંજ્ઞા વ્યંજન વિધિ, અક્ષર શ્રુત અવધાન

**પવયણ શ્રુત સિદ્ધાંત તે, આગમ સમય વખાણ.**
**પૂજો બહુવિધ રાગથી, ચરણકમલ ચિત્ત આણ ... ૧**
આ દુહો દરેક ખમાસમણ વખતે બોલવો.
કર પલ્લવ ચેષ્ટાદિકે, લખે અંતર્ગત વાચ.
એહ અનક્ષર શ્રુતતણો, અર્થ પ્રકાશક સાચ ... ૨ પવ
સંજ્ઞા જે દીહકાલિકી, તેણે સન્નિયા જાણ.
મન ઈંદ્રિયથી ઉપન્યું, સંજ્ઞી શ્રુત અહિઠાણ ... ૩ પવ
મન રહિત ઈંદ્રિય થકી, નિપન્યું જેહને જ્ઞાન
ક્ષય ઉપશમ આવરણથી, શ્રુત અસંજ્ઞી વખાણ ... ૪ પવ
જે દર્શન દર્શન વિના, દર્શન તે પ્રતિપક્ષ.
દર્શન દર્શન હોય જિહાં, તે દર્શન પ્રત્યક્ષ,
લલિત ત્રિભંગી ભંગભર, નૈગમાદિનય ભૂર,
શુદ્ધ શુદ્ધતર વચનથી, સમકિત શ્રુતવડનૂર ... ૫ પવ
ભંગજાલ નરબાલ મતિ, રચે વિવિધ આયાસ,
તિહાં દર્શન દર્શન તણો, નહીં નિદર્શન ભાસ.
સદ્ અસદ્ વહેચણ વિના, ગ્રહે એકાંતે પક્ષ.
જ્ઞાન ફલ પામે નહીં, એ મિથ્યાશ્રુત લક્ષ ... ૬ પવ
ભરતાદિક દશ ક્ષેત્રમાં, આદિ સહિત શ્રુતધાર,
નિજ નિજ ગણધર વિરચિયો, પામી પ્રભુ આધાર ... ૭ પવ
દુપ્પસહસૂરીશ્વર સુધી, વર્તશે શ્રુત આચાર,
એક જીવને આશરી, સાદિ સાંત સુવિચાર ... ૮ પવ
શ્રુત અનાદિ દ્રવ્યનય થકી, શાશ્વતભાવ છે એહ
મહાવિદેહમાં તે સદા, આગમ રયણ અચ્છેહ ... ૯ પવ

અનેક જીવને આશરી, શ્રુત છે અનાદિ અનંત,
દ્રવ્યાદિક ચઉભેદમાં, સાદિ અનાદિ વિરતંત ... ૧૦ ૫વ
સરિખા પાઠ છે સૂત્રમાં, તે શ્રુતગમિક સિદ્ધાંત
પ્રાયે દ્રષ્ટિવાદમાં, શોભિત ગુણ અનેકાન્ત ... ૧૧ ૫વ
સરિખા આલાવા નહી, તે કાલિક શ્રુતવંત,
આગમિક શ્રુત એ પૂજિયે, ત્રિકરણ યોગ હસંત ... ૧૨ ૫વ
અઢાર હજાર પદે કરી આચારાંગ વખાણ
તે આગલ દુગુણા પદે, અંગ પ્રવિષ્ટ સુઅનાણ ... ૧૩ ૫વ
બાર ઉપાંગહ જેહ છે, અંગ બાહિર શ્રુત તેહ
અનંગપ્રવિષ્ટ વખાણિયે, શ્રુત **'લક્ષ્મીસૂરિ'** ગેહ ... ૧૪ ૫વ

## અથ શ્રી અવધિજ્ઞાન

પછી ખમાસમણ દેઈ ઈચ્છા કારેણ સંદિસહ ભગવન્ ? **શ્રી અવધિજ્ઞાન આરાધનાર્થં ચૈત્યવંદન કરું ?** ઈચ્છં કહી ચૈત્યવંદન કહેવું. તે આ પ્રમાણે -

## અવધિજ્ઞાનનું ચૈત્યવંદન

અવધિજ્ઞાન ત્રીજું કહ્યું, પ્રગટે આત્મ પ્રત્યક્ષ,
ક્ષય ઉપશમ આવરણનો, નવિ ઈન્દ્રિય અપેક્ષ, ૧
દેવ નિરય ભવ પામતાં, હોય તેહને અવશ્ય,
શ્રદ્ધાવંત સમ્યગ લહે, મિથ્યાત વિભંગ વશ્ય, ૨
નર તિરિય ગુણથી લહે, શુભ પરિણામ સંયોગ,
કાઉસ્સગ્ગમાં મુનિહાસ્યથી, વિઘટ્યો તે ઉપયોગ, ૩

જઘન્યથી જાણે જુએ, રુપી દ્રવ્ય અનંતા,
ઉત્કૃષ્ટા સવિ પુદ્‌ગલા, મૂર્તિ વસ્તુ મુણંતા., ૪
ક્ષેત્રથી લઘુ અંગુલતણો, ભાગ અસંખિત દેખે,
તેહમાં પુદ્‌ગલ ખંધ જે, તેહને જાણે પેખે, ૫
લોક પ્રમાણે અલોકમાં એ, ખંડ અસંખ્ય ઉક્કિઠ,
ભાગ અસંખ્ય આવલિ તણોં, અદ્ધા લઘુપણે દિઠ ૬
ઉત્સર્પિણી અવસર્પિણી એ, અતીત અનાગત અદ્ધા,
અતિશય સંખ્યાતિગપણે, સાંભલો ભાવ પ્રબંધા, ૭
એક એક દ્રવ્યમાં ચાર ભાવ, જઘન્યથી તે નિરખે,
અસંખ્યાતા દ્રવ્ય દીઠ, પર્યવ ગુરુથી પરખે ૮
ચાર ભેદ સંક્ષેપથી એ, નંદીસૂત્ર પ્રકાશે
**"વિજયલક્ષ્મી"** સૂરિ તે લહે, જ્ઞાન ભક્તિ સુવિલાસે ૯

પછી નમુત્થુણં. જાવંતિ. ખમાસમણ. જાવંત. નમોઽર્હત્.
કહી સ્તવન કહેવું. તે આ પ્રમાણે.

## શ્રી અવધિજ્ઞાનનું સ્તવન

પૂજો પૂજો અવધિજ્ઞાનને પ્રાણિયારે
સમકિતવંતને એ ગુણ હોય રે,
સવિ જિનવર એ જ્ઞાને અવતરી રે
માનવ મહોદય જોયરે ... પૂજો ૧

શિવરાજ ઋષી વિપર્યય દેખતો રે
દ્વીપ સાગર સાત સાતરે,
વીર પસાયે દોષ વિભંગ ગયો રે
પ્રગટ્યો અવધિગુણ વિખ્યાત રે ... પૂજો ૨

ગુરુ સ્થિતિ સાધિક છાસઠ સાગરુ રે
કોઈને એક સમય લઘુ જાણરે,
ભેદ અસંખ્ય છે તરતમ યોગથી રે
વિશેષાવશ્યકમાં એહ વખાણરે ... પૂજો ૩

ચારશેં એક લાખ તેત્રીશ સહસ છે રે
ઓહીનાણી મુણિંદ રે,
ઋષભાદિક ચઉવીશ જિણંદનાં રે
નમે પ્રભુ પદ અરવિંદ રે ... પૂજો ૪

અવધિજ્ઞાની આણંદ ને દીયે રે
મિચ્છામિ દુક્કડમ્ ગોયમ સ્વામિરે.
વરજો આશાતન જ્ઞાન જ્ઞાની તણી રે
**"વિજયલક્ષ્મી"** સુખ ધામ રે ... પૂજો ૫

પછી જયવીયરાય કહી ખમાસમણ દેઈ, ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ? **અવધિજ્ઞાન આરાધનાર્થ કાઉસ્સગ્ગં કરું ?** ઈચ્છં, અવધિજ્ઞાન આરાધનાર્થ કરેમિ કાઉસ્સગ્ગં વંદણવત્તિઆએ. અન્નત્થ. કહી ? લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી. પારી ? થોય કહેવી. તે આ પ્રમાણે -

## શ્રી અવધિજ્ઞાનની સ્તુતિ

ઓહી નાણ સહિત સવિ જિનવરુ
ચવિ જનની કુખે અવતરુ
જસ નામે લહીયે સુખતરુ
સવિ ઈતિ ઉપદ્રવ સંહરુ.
હરિ પાઠક સંશય સંહરુ

વીર મહિમા જ્ઞાન ગુણાયરુ
તે માટે પ્રભુ વિશ્વંભરુ
વિજયાંકિત લક્ષ્મી સુહંકરુ ...૧

પછી ખમાસમણ દેઈ ઉભા થઈ અવધિજ્ઞાનના છ ગુણના છ ખમાસમણ આપવા તે આ પ્રમાણે -

## શ્રી અવધિજ્ઞાનના દુહા

અસંખ્ય ભેદ અવધિતણા, ષટ્ તેહમાં સામાન્ય,
ક્ષેત્ર પનક લઘુથી ગુરુ, લોક અસંખ્ય પ્રમાણ,
લોચન પરે સાથે રહે, તે અનુગામિક ધામ.
છાસઠ સાગર અધિક છે, એક જીવ આશરી ઠામ.
**ઉપન્યો અવધિજ્ઞાનનો, ગુણ જેહને અવિકાર,**
**વંદના તેહને માહરી, શ્વાસમાંહે સોવાર ... ૧**
(આ દુહો દરેક ખમાસમણે બોલવો.)

જે ક્ષેત્રે ઓહી ઉપન્યું, તિહાં રહ્યો વસ્તુ દેખંત,
થિર દીપકની ઉપમા, અનનુગામી લહંત. ઉપ. ૨
અંગુલ અસંખ્યેય ભાગથી વધતું લોક અસંખ્ય,
લોકાવધિ પરમાવધિ, વર્ધમાન ગુણકંખ્ય. ઉપ. ૩
યોગ્ય સામગ્રી અભાવથી, હીયમાન પરિણામ
અધઅધપૂરવ યોગથી, એહવો મનનો કામ. ઉપ. ૪
સંખ્ય અસંખ્ય જોજન સુધી, ઉત્કૃષ્ટો લોકાંત,
દેખી પ્રતિપાતિ હોય, પુદ્ગલ દ્રવ્ય એકાંત. ઉપ. ૫
એક પ્રદેશ અલોકનો, પેખે જે અવધિજ્ઞાન,
અપડિવાઈ અનુક્રમે, આપે કેવલજ્ઞાન. ઉપ. ૬

## અથ મનઃપર્યવજ્ઞાન

પહેલા ખમાસમણ દેઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન ?
**શ્રી મનઃપર્યવજ્ઞાન આરાધનાર્થં ચૈત્યવંદન કરું ?** ઈચ્છં કહી
ચૈત્યવંદન કરવું તે આ પ્રમાણે -

## શ્રી મનઃપર્યવજ્ઞાન ચૈત્યવંદન

શ્રી મનઃપર્યવજ્ઞાન છે, ગુણપ્રત્યયી એ જાણો,
અપ્રમાદિ ઋદ્ધિવંતને, હોયે સંયમ ગુણઠાણો, ૧
કોઈક ચારિત્રવંતને, ચઢતે શુભ પરિણામે,
મનના ભાવ જાણે સહી, સાગાર ઉપયોગ ઠામે, ૨
ચિંતવતા મનોદ્રવ્યનાએ, જાણે ખંધ અનંતા,
આકાશે નવોવર્ગણા, રહ્યા તે નવિ મુણંતા. ૩
સંજ્ઞી પંચેન્દ્રિય પ્રાણીયે, તનુ યોગે કરી ગ્રહીયા,
મનોયોગે કરી મન પણે, પરિણમે તે દ્રવ્ય મુણીયા ૪
તિર્છું માણસક્ષેત્રમાં, અઢીદ્વીપ સહિ વિલોકે,
તિર્છુંલોકના મધ્યથી, સહસ જોયણ અધોલોકે ૫
ઉર્ધ્વ જાણે જ્યોતિષી લગે એ, પલિયનો ભાગ અસંખ્ય
કાલથી ભાવ થયા થશે, અતીત અનાગત સંખ્ય ૬
ભાવથી ચિંતિત દ્રવ્યના, અસંખ્ય પર્યાય જાણે,
ઋજુમતિ થી વિપુલમતિ, અધિકા ભાવ વખાણે ૭
મનના પુદ્ગલ દેખીને, અનુમાને ગ્રહે સાચું,
વિતથપણું પામે નહીં, તે જ્ઞાને ચિત્ત રાચું. ૮
અમૂર્ત ભાવ પ્રગટ પણે એ, જાણે શ્રી ભગવંત,
ચરણ કમલ નમું તેહનાં, "**વિજયલક્ષ્મી**" ગુણવંત. ૯

પછી નમુત્થુણં. જાવંતિ ખમાસમણ. જાવંત. નમોઽર્હત્.
કહી સ્તવન કહેવું તે આ પ્રમાણે -

## શ્રી મનઃપર્યવજ્ઞાન સ્તવન

જીરે મ્હારે શ્રી જિનવર ભગવાન
અરિહંત નિજ નિજ જ્ઞાનથી જીરે જી...
જીરે મ્હારે સંયમ સમય જાણંત
તવ લોકાન્તિક માનથી જીરે જી... ૧
જીરે મ્હારે તીર્થ વર્તાવો નાથ
ઈમ કહી પ્રણમે તે સુરા, જીરે જી...
જીરે મ્હારે ષટ્ અતિશયવંત દાન,
લેઈ હરખે સુરનરા જીરે જી... ૨
જીરે મ્હારે ઈણ વિધ સવિ અરિહંત,
સર્વવિરતિ જબ ઉચ્ચરે જીરે જી...
જીરે મ્હારે મનઃપર્યવ તવ નાણ,
નિર્મલ આતમ અનુસરે જીરે જી... ૩
જીરે મ્હારે જેહને વિપુલમતિ તેહ
અપ્રતિપાતિ પણે ઉપજે જીરે જી...
જીરે મ્હારે અપ્રમાદિ ઋદ્ધિવંત
ગુણઠાણે ગુણ નીપજે જીરે જી... ૪
જીરે મ્હારે એક લાખ પીસ્તાલીશ હજાર,
પાંચશે એકાણું જાણીયે જીરે જી...
જીરે મ્હારે મનનાણી મુનિરાજ
ચોવીશ જિનના વખાણીયે જીરે જી... ૫

જીરે મ્હારે હું વંદુ ધરી નેહ
સવિ સંશય હરે મનતણા જીરે જી...
જીરે મ્હારે **"વિજયલક્ષ્મી"** શુભ ભાવ,
અનુભવ જ્ઞાનના ગુણ ઘણા જીરે જી... ૬

પછી જયવીયરાય કહી ખમાસમણ દેઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ? **મનઃ પર્યવજ્ઞાન આરાધનાર્થં કાઉસ્સગ્ગં કરું ?** ઈચ્છં મનઃ પર્યવજ્ઞાન આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં, વંદણ, અન્નત્થ કહી ? લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી પારી ? થોય કહેવી તે આ પ્રમાણે..

## શ્રી મનઃપર્યવજ્ઞાન થોય

પ્રભુજી સર્વ સામાયિક ઉચ્ચરે
સિદ્ધનમી મદવારીજી,
છદ્મસ્થ અવસ્થા રહે છે જિહાં લગે
યોગાસન તપ ધારીજી,
ચોથું મનઃ પર્યવ તવ પામે
મનુજ લોક વિસ્તારીજી,
તે પ્રભુને પ્રણમો ભવી પ્રાણી
"વિજયલક્ષ્મી સુખકારીજી"

પછી ખમાસમણ દેઈ ઉભા રહીને મનઃપર્યવજ્ઞાનના બે ગુણના બે ખમાસમણ આપવા. તે આ પ્રમાણે

## શ્રી મનઃપર્યવજ્ઞાનના દુહા

મનઃપર્યવ દુગ ભેદથી, સંયમ ગુણ લહી શુદ્ધ,
ભાવ મનોગત સંજ્ઞીના, જાણે પ્રગટ વિશુદ્ધ,
ઘટ એ પુરુષે ધારીયો, ઈમ સામાન્ય ગ્રહંત,
પ્રાયે વિશેષ વિમુખ લહે, ઋજુમતિ મનહ મુણંત.
**એ ગુણ જેહને ઉપન્યો, સર્વ વિરતિ ગુણઠાણ**
**પ્રણમું હિતથી તેહના ચરણ કમલચિત્ત આણ** ૧
દરેક ખમાસમણે આ દુહો બોલવો.
નગર જાતિ કંચન તણો, ધાર્યો ઘટ એહ રુપ.
ઈમ વિશેષ મન જાણતો, વિપુલમતિ અનુરુપ. એ ગુણ ૨

## અથ કેવલજ્ઞાન

પ્રથમ ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ?
**શ્રી કેવલજ્ઞાન આરાધનાર્થં ચૈત્યવંદન કરું ?** ઈચ્છં કહી
શ્રી કેવલજ્ઞાનનું ચૈત્યવંદન કરવું. નીચે પ્રમાણે

## શ્રી કેવલજ્ઞાનનું ચૈત્યવંદન

શ્રી જિન ચઉનાણી થઈ, શુક્લધ્યાન અભ્યાસે,
અતિશય અતિશય આતમરુપ, ક્ષણ ક્ષણ પ્રકાશે,
નિદ્રા સ્વપ્ન જાગર દશા, તે સવિ દૂર હોવે
ચોથી ઉજાગર દશા, તેહનો અનુભવ જોવે,
ક્ષપક શ્રેણી આરોહિયા એ, અપૂર્વ શક્તિ સંયોગે,
લહી ગુણઠાણું બારમું, તુરીય કષાય વિયોગે ૧

નાણ દંસણ આવરણ મોહ, અંતરાય ઘનઘાતી,
કર્મ દુષ્ટ ઉચ્છેદિને, થયા પરમાતમ જાતી,
દોય ધરમ સવિ વસ્તુના, સમયાંતર ઉપયોગ,
પ્રથમ વિશેષપણે ગ્રહે, બીજે સામાન્ય સંયોગ,
સાદિ અનંત ભાગે કરી દર્શન જ્ઞાન અનંત,
ગુણઠાણું લહી તેરમું, ભાવ જિણંદ જયવંત ૨
મૂલ પયડીનો એક બંધ, તિમ ઉદયે રહે બાયાલ,
સત્તા પંચાશી તણી, કર્મ જેહવા રજ્જુ છાર
મન વચ કાયા યોગ જાસ, અવિચલ અવિકાર
સંયોગી કેવલી તણીયે, પામી દશાયે વિચરે,
અક્ષય કેવલજ્ઞાનના, **"વિજયલક્ષ્મી"** ગુણ ઉચરે ૩

પછી નમુત્થુણં, જાવંતિ, ખમાસમણ, જાવંત, નમોઽર્હત્ કહી સ્તવન કહેવું. તે આ પ્રમાણે -

## શ્રી કેવલજ્ઞાનનું સ્તવન

શ્રી જિનવરને પ્રગટ થયું રે, ક્ષાયિક ભાવે જ્ઞાન,
દોષ અઢાર અભાવથી રે, ગુણ ઉપન્યા તે પ્રમાણ, રે
ભવિયા, વંદો કેવલજ્ઞાન ... ૧
પંચમી દિન ગુણખાણ રે ભવિયા વંદો કેવલજ્ઞાન
અનામીના નામનો રે, કિશ્યો વિશેષ કહેવાય,
એ તો મધ્યમા વૈખરી રે
વચન ઉલ્લેખ ઠરાય રે... ભવિયા ... ૨

ધ્યાન ટાણે પ્રભુ તું હોય રે અલખ અગોચર રુપ,
પરા પશ્યંતિ પામીને રે
કાંઈ પ્રમાણે મુનિ ભૂપ રે... ભવિયા ...૩
છતી પર્યાય જે જ્ઞાનના રે તે તો નવિ બદલાય.
જ્ઞેયની નવનવી વર્તના રે
સમયમાં સર્વ જણાય રે... ભવિયા ...૪
બીજા જ્ઞાન તણી પ્રભા રે, એહમાં સર્વ સમાય,
રવિપ્રભાથી અધિક નહી રે
નક્ષત્ર ગણ સમુદાય રે... ભવિયા ...૫
ગુણ અનંતા જ્ઞાનના રે, જાણે ધન્ય નર તેહ,
**"વિજયલક્ષ્મી"** સૂરિ તે લહે રે,
જ્ઞાન મહોદય ગેહ રે... ભવિયા ...૬

પછી ખમાસમણ દેઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ? **શ્રી કેવલજ્ઞાન આરાધનાર્થં કાઉસ્સગ્ગ કરું ?** ઈચ્છં કેવલજ્ઞાન આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગ વંદણવત્તિઆએ. અન્નત્થ. લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી પારી ? થોય આ પ્રમાણે કહેવી.

## શ્રી કેવલજ્ઞાનની થોય

છત્ર ત્રય ચામર, તરુ અશોક સુખકાર,
દિવ્યધ્વનિ દુંદુભિ, ભામંડલ ઝલકાર,
વરસે સુર કુસુમે, સિંહાસન જિન સાર,
વંદે લક્ષ્મીસૂરિ, કેવલજ્ઞાન ઉદાર ૧

પછી ખમાસમણ દેઈ ઉભા રહી કેવલજ્ઞાનનું એક ખમાસમણ આપવું .તે આ પ્રમાણે.

## શ્રી કેવલજ્ઞાનના દુહા

બહિરાતમ ત્યાગે કરી, અંતર આતમ રુપ,
અનુભવિ જે પરમાતમા, ભેદ એકજ ચિદ્રુપ ૧
પુરુષોત્તમ પરમેશ્વરુ પરમાનંદ ઉપયોગ,
જાણે દેખે સર્વને, સ્વરુપ રમણ સુખભોગ ૨
ગુણપર્યાય અનંતતા, જાણે સઘલા દ્રવ્ય,
કાલત્રય વેદિ જિણંદ, ભાષિત ભવ્યાભવ્ય ૩
અલોક અનંતો લોકમાં, થાપે જેહ સમત્થ,
આતમ એક પ્રદેશમાં, વીર્ય અનંત પસત્થ ૪
કેવલ દંસણ નાણનો, ચિદાનંદ ઘન તેજ,
જ્ઞાનપંચમી દિન પૂજીયે, "**વિજયલક્ષ્મી**" શુભ હેજ. ૫

(શ્રી વિજયલક્ષ્મી સૂરિ વિરચિત
શ્રી જ્ઞાનપંચમી દેવવંદન સંપૂર્ણ.)

## શ્રી જ્ઞાનપંચમીનું ચૈત્યવંદન
(૧)

સકલ સુરાસુર સાહિબો, નમીએ જિનવર નેમ;
પંચમી તિથિ જગ પરવડો, પાળો જન બહુ પ્રેમ. ૧
જિન કલ્યાણક એ તિથે, સંભવ કેવલજ્ઞાન;
સુવિધિ જિનેશ્વર જનમીયા, સેવો થઈ સાવધાન. ૨
ચ્યવન ચંદ્રપ્રભ જાણીએ, અજિત સુમતિ અનંત;
પંચમી દિને મોક્ષે ગયા, ભેટો ભવિજન સંત. ૩

કુંથુ જિન સંયમ ગ્રહ્યો, પંચમી ગતિ જિનધર્મ;
નેમિ જન્મ વખાણીએ, પંચમી તિથિ જગશર્મ. ૪
પંચમીના આરાધને, પામે પંચમજ્ઞાન;
ગુણમંજરી વરદત્ત તે, પહોંચ્યા મોક્ષ સુઠાણ. ૫
કાર્તિક સુદિ પંચમી પક્ષ, તપ માંડી જે ખાસ;
પંચ વરસ આરાધીએ, ઉપર વળી પંચ માસ. ૬
દશ ક્ષેત્રે બેહુ જિન તણા, પંચમી દિનનાં કલ્યાણ;
એહ તિથે આરાધતાં, પામે શિવપદ ઠાણ. ૭
પડિક્કમણાં દોય ટંકનાં, કીએ શુદ્ધ આચાર;
દેવ વંદો ત્રણ કાલના, પહોંચાડે ભવ પાર. ૮
નમો નાણસ્સ ગુણણું ગણો, નોકારવાલી વીશ;
સામાયિક શુદ્ધ મને, ધરીએ શીયળ જગીશ. ૯
એણી પેરે પંચમી પાળશે, ભવિજન પ્રાણી જેહ;
અજરામર સુખ પામશે, **હંસ** કહે ગુણ ગેહ. ૧૦

## (૨)

શ્યામલ વાન સોહામણા, શ્રી નેમિ જિનેશ્વર;
સમવસરણ બેઠા કહે, ઉપદેશ સોહંકર. ૧
પંચમી તપ આરાધતાં લહે પંચમ નાણ;
પાંચ વરસ પંચ માસનો, એ છે તપ પરિમાણ. ૨
જિમ વરદત્ત ગુણમંજરીએ, આરાધ્યો તપ એહ;
**જ્ઞાન વિમલ** ગુરુ એમ કહે, ધનધન જગમાં તેહ. ૩

## (૩)

ત્રિગડે બેઠા વીરજિન, ભાખે ભવિજન આગે;
ત્રિકરણશું ત્રિહું લોકજન, નિસૂણો મન રાગે. ૧
આરાધો ભલી ભાતસેં, પંચમી અજુવાલી;
જ્ઞાન આરાધના કારણે, એહિજ તિથિ નિહાળી. ૨
જ્ઞાન વિના પશુ સારિખા, જાણો એણે સંસાર;
જ્ઞાન આરાધનથી લહે, શિવપદ સુખ શ્રીકાર. ૩
જ્ઞાન રહિત ક્રિયા કહી, કાશ કુસુમ ઉપમાન;
લોકાલોક પ્રકાશ કર, જ્ઞાન એક પ્રધાન. ૪
જ્ઞાની શ્વાસોશ્વાસમાં, કરે કર્મ નો છેહ;
પૂર્વ કોડી વરસાં લગે, અજ્ઞાની કરે એહ. ૫
દેશ આરાધક ક્રિયા કહી, સર્વ આરાધક જ્ઞાન;
જ્ઞાન તણો મહિમા ઘણો, અંગ પાંચમે ભગવાન. ૬
પંચમાસ લઘુ પંચમી, જાવજ્જીવ ઉત્કૃષ્ટિ;
પંચવર્ષ પંચ માસની, પંચમી કરો શુભ દ્રષ્ટિ. ૭
એકાવન હી પંચનો એ, કાઉસ્સગ્ગ લોગસ્સ કેરો;
ઉજમણું કરો ભાવશું, ટાળો ભવ ફેરો. ૮
ઈમ પંચમી આરાધિએ, આણી ભાવ અપાર;
વરદત્ત ગુણમંજરી પરે, **'રંગવિજય'** લહોસાર. ૯

## (૪)

યુગલા ધર્મ નિવારીયો, આદિમ અરિહંત;
શાંતિકરણ શ્રી શાંતિનાથ, જગ કરૂણાવંત. ૧

નેમનાથ બાવીસમા, બાળ થકી બ્રહ્મચારી;
પ્રગટ પ્રભાવી પાર્શ્વદેવ, રત્નત્રય ધારી. ૨
વર્તમાન શાસન ધણી એ, વર્ધમાન જગદીશ;
પાંચે જિનવર પ્રણમતાં, વાધે જગમાં જગીશ. ૩
જન્મ કલ્યાણક પંચ રૂપ, સોહમપતિ આવે;
પંચ વર્ણ કળશે કરી, સુરગિરિ નવરાવે. ૪
પંચ સાખ અંગુઠડે, અમૃત સંચારે;
બાળપણે જિનરાજ કાજ, એમ ભક્તિ શું ધારે. ૫
પંચ ધાવ પાલી જતે, યૌવન વય પાવે;
પંચ વિષય વિષવેલી તોડી, સંયમ મન ભાવે. ૬
છંડી પંચ પ્રમાદ પંચ, ઈન્દ્રિય બળ મોડી;
પંચ મહાવ્રત આદરે, દેઈ ધન કોડી. ૭
પંચાચાર આરાધતાંએ, પામ્યા પંચમ જ્ઞાન;
પંચ દેહ વર્જિત થયા, પંચ હ્રસ્વાક્ષર માન. ૮
પંચમી ગતિ ભરતાર તાર, પૂરણ પરમાનંદ;
પંચમી તપ આરાધતાં **ક્ષમાવિજય** જિનચંદ ૯

## (૫)

શાસનપતિ બિરાજીયા, સમવસરણ મોઝાર,
ભક્તિ ભાવે પૂછીયું, શ્રી ગૌતમ ગણધાર. ૧
કહો સ્વામી કેમ પામીયે, નિર્મળ કેવળનાણ,
ઉત્તર આપે વીરજી, સાંભળ ગૌતમ વાણ. ૨
શુક્લ પાક્ષિકી પંચમી, આરાધે શુદ્ધ ભાવ,
પૌષધ ગુણનો જે કરે, ઉજમણે ચિત્ત લાય. ૩

જ્ઞાન વિના પશુ સારીખા, ક્રિયા વિણ નહિ જ્ઞાન,
દેશ આરાધક ક્રિયા કહી, સર્વ આરાધક જ્ઞાન. ૪
પંચ વરસ પંચ માસકી, ઉત્કૃષ્ટી જાવજ્જીવ,
પંચ માસ લઘુ કહી, જ્ઞાન આરાધન નિમ. ૫
મહાનિશીથે ભાખીયો, જ્ઞાન તણો અધિકાર,
વરદત્તને ગુણમંજરી, પામ્યો ભવનો પાર. ૬
પંચ કલ્યાણક જિન તણા, પાળો પંચાચાર,
પંચમી ગતિ વરવા ભણી, જ્ઞાન કહે શ્રીકાર. ૭

## જ્ઞાન પંચમીની થોય

શ્રી નેમિ; પંચરૂપત્રિદશપતિકૃત-પ્રાજયજન્માભિષેક,-
શ્ચંચત્પંચાક્ષમત્તદ્વિરદમદભિદા પંચવક્ત્રોપમાનઃ,
નિર્મુક્તઃ પંચદેહ્યાઃ પરમસુખમયઃ પ્રાસ્તકર્મપ્રપંચઃ;
કલ્યાણં પંચમીસત્તપસિ વિતનુતાં પંચમજ્ઞાનવાન્ વઃ ૧
સંપ્રીણન્ સચ્ચકોરાન્ શિવતિલકસમઃ કૌશિકાનંદમૂર્તિઃ,
પુણ્યાબ્ધિપ્રીતિદાયી સિતરૂચિરિવ યઃ સ્વીયગોભિસ્તમાંસિ;
સાંદ્રાણિ ધ્વંસમાનઃ સકલકુવલયો-લ્લાસમુચ્ચૈશ્ચકાર,
જ્ઞાનં પુષ્પાજ્જિનૌધઃ સતપસિ ભવિનાં પંચમીવાસરસ્ય. ૨
પીત્વા નાનાભિધાર્થામૃતરસસમં, યાંતિ યાસ્યંતિ જગ્મુ-
ર્જીવા યસ્માદનેકે વિધિવદમરતાં પ્રાજયનિર્વાણપુર્યામ્;
યાત્વા દેવાધિદેવાગમદશમસુધા-કુંડમાનંદ હેતુ-
સ્તત્પંચમ્યાસ્તપસ્યુદ્યતવિશદધિયાં ભાવિનામસ્તુ નિત્યમ્ ૩
સ્વર્ણાલંકાર વલ્ગન્ મણિકિરણગણ-ધ્વસ્ત નિત્યાંધકારા,

હું કારારાવદૂરીકૃત સુકૃતજન - વ્રાતવિઘ્નપ્રચારા;
દેવી શ્રીઅંબિકાખ્યા જિનવર ચરણાંભોજભૃંગીસમાના,
પંચમ્યહ્નસ્તપોઽર્થં વિતરતુ કુશલં ધીમતાં સાવધાના. ૪

## શ્રી જ્ઞાનપંચમીનું ૬ ઢાળનું સ્તવન

### ઢાળ ૧ લી

સુત સિદ્ધારથ ભૂપનો રે, સિદ્ધારથ ભગવાન;
બાર પર્ષદા આગળે રે, ભાખે શ્રી વર્ધમાનનો રે,
**ભવિયણ ચિત્ત ધરો.**
મન વચ કાય ઉમ્હાયો રે, જ્ઞાનભક્તિ કરો ૧
ગુણ અનંત આતમ તણા રે, મુખ્યપણે તિહાં દોય;
તેમાં પણ જ્ઞાન જ વડું રે, જિણથી દંસણ હોય રે, ભવિ૦૨
જ્ઞાને ચારિત્ર ગુણ વધે રે, જ્ઞાને ઉદ્યોત સહાય;
જ્ઞાને સ્થવિરપણું લહેરે, આચારજ ઉવજ્ઝાય રે, ભવિ૦૩
જ્ઞાની શ્વાસોશ્વાસમાં રે, કઠિણ કરમ કરે નાશ;
વહ્નિ જેમ ઈંધણ દહે રે, ક્ષણમાં જ્યોતિ પ્રકાશ રે, ભવિ૦૪
પ્રથમ જ્ઞાન પછે દયારે, સંવર મોહ વિનાશ;
ગુણ સ્થાનક પગ થાલીએરે, જેમ ચઢે મોક્ષ આવાસો રે, ભવિ૦૫
મઈ સુઅ ઓહી મણપજ્જવા રે, પંચમ કેવલ જ્ઞાન;
ચઉમૂંગા શ્રુત એક છે રે, સ્વપર પ્રકાશ નિદાનો રે, ભવિ૦૬
તેહનાં સાધન જે કહ્યાં રે, પાટી પુસ્તક આદિ;
લખે લખાવે સાચવે રે, ધર્મી ધરી અપ્રમાદ રે, ભવિ૦૭

ત્રિવિધે આશાતના જે કરે રે, ભણંતાં કરે અંતરાય;
અંધા બ્હેરા બોબડા રે, મુંગા પાંગુલા થાય રે, ભવિ૦૮
ભણતાં ગણતાં ન આવડે રે, ન મળે વલ્લભ ચીજ;
ગુણમંજરી વરદત્ત પરે રે, જ્ઞાન વિરાધન બીજ રે, ભવિ૦૯
પ્રેમે પૂછે પર્ષદા રે, પ્રણમી જગગુરૂ પાય;
ગુણમંજરી વરદત્ત તણો રે, કહો અધિકાર પસાયો રે, ભવિ૦૧૦

## ઢાળ ૨ જી

જંબૂદ્વીપના ભરતમાં રે, નયર પદ્મપુર ખાસ;
અજિતસેન રાજા તિહાં રે, રાણી યશોમતિ તાસ રે,
પ્રાણી આરાધો વરજ્ઞાન, એહિજ મુક્તિ નિદાન રે,
**પ્રાણી આરાધો વરજ્ઞાન.** ૧
વરદત્ત કુંવર તેહનો રે, વિનયાદિક ગુણવંત,
પિતરે ભણવા મૂકીયો રે, આઠ વરસ જબ હુંત રે. પ્રા૦૨
પંડિત યત્ન કરે ઘણો રે, છાત્ર ભણાવણ હેત;
અક્ષર એક ન આવડે રે, ગ્રંથતણી શી ચેત રે. પ્રા૦૩
કોઢે વ્યાપી દેહડી રે, રાજા રાણી સંચિત;
શ્રેષ્ઠી તેહિ જ નયરમાં રે, સિંહદાસ ધનવંત રે. પ્રા૦૪
કર્પૂરતિલકા ગેહિની રે, શીલે શોભિત અંગ;
ગુણમંજરી તસ બેટડી રે, મુંગી રોગે વ્યંગ રે. પ્રા૦૫
સોળ વરસની સા થઈ રે, પામી યૌવન વેશ;
દુર્ભગ પણ પરણે નહિ રે, માત પિતા ધરે ખેદ રે. પ્રા૦ ૬
તેણે અવસરે ઉદ્યાનમાં રે, વિજયસેન ગણધાર;

જ્ઞાન રયણ રયણાયરૂ રે, ચરણ કરણ વ્રતધાર રે. પ્રા૦૭
વનપાલકે ભૂપાલને રે, દીધી વધાઈ જામ;
ચતુરંગી સેના સજી રે, વંદન જાવે તામ રે. પ્રા૦૮
ધર્મદેશના સાંભળે રે, પુરજન સહિત નરેશ;
વિકસિત નયણ વદન મુદારે, નહિ પ્રમાદ પ્રવેશ રે.પ્રા૦૯
જ્ઞાન વિરાધન પરભવે રે, મૂરખ પરે આધીન;
રોગે પીડ્યા ટળવળે રે, દીસે દુઃખીયા દીન રે. પ્રા૦૧૦
જ્ઞાન સાર સંસારમાં રે, જ્ઞાન પરમ સુખ હેત;
જ્ઞાન વિના જગજીવડા રે, ન લહે તત્ત્વ સંકેત રે. પ્રા૦૧૧
શ્રેષ્ઠી પૂછે મુણીંદને રે, ભાખો કરૂણાવંત;
ગુણમંજરી મુજ અંગજા રે, કવણ કરમ વિરતંત રે.પ્રા૦૧૨

## ઢાળ ૩ જી

ધાતકી ખંડના ભરતમાં, ખેટક નયર સુઠામ;
વ્યવહારી જિનદેવ છે, ધરણી સુંદરી નામ. ૧
અંગજ પાંચ સોહામણાં, પુત્રી ચતુરા ચાર;
પંડિત પાસે શિખવા, તાતે મૂક્યા કુમાર. ૨
બાલ સ્વભાવે રમત, કરતાં દહાડા જાય;
પંડિત મારે ત્યારે મા, આગળ કહે આય. ૩
સુંદરી શંખણી શીખવે, ભણવાનું નહિ કામ;
*પંડ્યો આવે તેડવા, તો તસ હણજો તામ.* ૪
પાટી ખડીયા લેખણ, બાળી કીધાં રાખ,
શઠને વિદ્યા નવિ રૂચે, જિમ કરહાને દ્રાખ. ૫
પાડા પરે મ્હોટા થયા, કન્યા ન દિએ કોય;
શેઠ કહે સુણ સુંદરી, એ તુજ કરણી જોય. ૬

ત્રટકી ભાખે ભામિની, બેટા બાપના હોય;
પુત્રી હોયે માતની, જાણે છે સૌ કોય. ૭
રે રે પાપિણી સાપિણી, સામા બોલ મ બોલ;
રીસાળી કહે તાહરો, પાપી બાપ નિટોલ. ૮
શેઠે મારી સુંદરી, કાલ કરી તતખેવ;
એ તુજ બેટી ઉપની, જ્ઞાન વિરાધન હેવ. ૯
મુર્ચ્છાગત ગુણમંજરી, જાતિ સ્મરણ પામી;
જ્ઞાન દિવાકર સાચો, ગુરૂને કહે શિરનામી ૧૦
શેઠ કહે સુણો સ્વામી, કિમ જાવે એ રોગ;
ગુરૂ કહે જ્ઞાન આરાધો, સાધો વંછિત યોગ. ૧૧
ઉજ્જવલ પંચમી સેવો, પંચ વરસ પંચ માસ;
'નમો નાણસ્સ' ગણણું ગણો, ચોવિહાર ઉપવાસ. ૧૨
પૂરવ ઉત્તર સન્મુખ, જપીયે દોય હજાર;
પુસ્તક આગળ ઢોઈએ, ધાન્ય ફલાદિ ઉદાર. ૧૩
દીવો પંચ દીવટતણો, સાથીઓ મંગલ ગેહ;
પોસહમાં ન કરી શકે, તેણે વિધિ પારણે એહ. ૧૪
અથવા સૌભાગ્ય પંચમી, ઉજ્જવલ કાર્તિક માસ;
જાવજ્જીવ લગે સેવીયે, ઉજમણા વિધિ ખાસ. ૧૫

## ઢાળ ૪ થી

પાંચ પોથી રે, ઠવણી પાઠાં વિટાંગણા,
ચાબખી દોરા રે, પાટી પાટલા વતરણાં;
મસી કાગલ રે, કાંબી ખડીઆ લેખણી,
કવલી ડાબલી રે, ચંદુઆ ઝરમર પુંજણી. ૧

## ત્રુટક

પ્રાસાદ પ્રતિમા તાસ ભૂષણ, કેસર ચંદન ડાબલી,
વાસકુંપી વાળાકુંચી. અંગલુહણાં છાબડી;
કલશથાળી મંગળદીવો, આરતિને ધૂપણાં,
ચરવલી મુહપત્તિ સાહમિવચ્છલ, નોકારવાલી સ્થાપના. ૨

## ઢાળ

જ્ઞાન દરિસણ રે, ચરણનાં સાધન જે કહ્યાં,
તપ સંયુત રે, ગુણમંજરીએ સદ્દહ્યાં;
નૃપ પૂછે રે, વરદત્ત કુંવરને અંગરે,
રોગ ઉપનો રે, કવણ કરમના ભંગ રે. ૩

## ત્રુટક

મુનિરાજ ભાખે જંબૂદ્વીપે, ભરત સિંહપુર ગામ એ,
વ્યવહારી વસુ તાસ નંદન, વસુસાર વસુદેવ નામ એ,
વનમાંહે રમતાં દોય બાંધવ, પુન્યયોગે ગુરૂ મળ્યા,
વૈરાગ્ય પામી ભોગ વામી, ધર્મ ધામી સંચર્યા. ૪

## ઢાળ

લઘુ બાંધવ રે, ગુણવંત ગુરૂ પદવી લહે,
પણસય મુનિને રે, સારણ વારણ નિતુ દીએ;
કર્મયોગે રે, અશુભ ઉદય થયો અન્યદા,
સંથારે રે, પોરસિ ભણી પોઢ્યા યદા. ૫

## ત્રુટક

સર્વઘાતી નિંદ વ્યાપી સાધુ માંગે વાયણા,
ઉંઘમાં અંતરાય થાતાં, સૂરિ હુઆ દૂમણાં;
જ્ઞાન ઉપર દ્વેષ જાગ્યો, લાગ્યો મિથ્યાત્વ ભૂતડો,
પુણ્ય અમૃત ઢોળી નાંખ્યું, ભર્યો પાપતણો ઘડો. ૬

## ઢાળ

મન ચિંતવે રે, કાં મુજ લાગ્યું પાપ રે,
શ્રુત અભ્યાસો રે, એવડો સંતાપ રે,
મુજ બાંધવ રે, ભોયણ સયણ સુખે કરે,
મૂરખના રે, આઠ ગુણ મુખ ઉચ્ચરે. ૭

## ત્રુટક

બાર વાસર કોઈ મુનિને, વાયણા દીધી નહિ,
અશુભધ્યાને આયુ પૂરી, ભૂપ તુજ નંદન સહી;
જ્ઞાન વિરાધન મૂઢ જડપણું, કોઢની વેદના લહી,
વૃદ્ધ બાંધવ માન સરવર, હંસ ગતિ પામ્યો સહી. ૮

## ઢાળ

વરદત્તને રે, જાતિસ્મરણ ઉપન્યું,
ભવ દીઠો રે, ગુરૂ પ્રણમી કહે શુભ મનો;
ધન્ય ગુરૂજી રે, જ્ઞાન જગમાંય દીવડો,
ગુણ અવગુણ રે, ભાસન જે જગ પરવડો. ૯

## ત્રુટક

જ્ઞાન પાવન સિદ્ધિ સાધન; જ્ઞાન કહો કેમ આવડે ?
ગુરૂ કહે તપથી પાપ નાસે, ટાઢ જેમ ઘન તાવડે,
ભૂપ પભણે પુત્રને પ્રભુ, તપની શક્તિ ન એવડી,
ગુરૂ કહે પંચમી તપ આરાધો, સંપદા લ્યો બેવડી. ૧૦

## ઢાળ ૫ મી

સદ્ગુરૂ વયણ સુધારસે રે, ભેદી સાતે ઘાત, **તપશું રંગ લાગ્યો;**
ગુણમંજરી વરદત્તનો રે, નાઠો રોગ મિથ્યાત, તપ૦ ૧
પંચમી તપ મહિમા ઘણો રે, પ્રસર્યો મહીયલમાંહી; તપ૦
કન્યા સહસ સ્વયંવરા રે, વરદત્ત પરણ્યો ત્યાંહી, તપ૦ ૨
ભૂપે કીધો પાટવી રે, આપ થયો મુનિ ભૂપ, તપ૦
ભીમકાંત ગુણે કરી રે, વરદત્ત રવિ શશિ રૂપ તપ૦ ૩
રાજરમા રમણી તણાં રે, ભોગવે ભોગ અખંડ; તપ૦
વરસે વરસે ઉજવે રે પંચમી તેજ પ્રચંડ. તપ૦ ૪
ભુક્ત ભોગી થયો સંજમી રે, પાલે વ્રત ષટ્કાય; તપ૦
ગુણમંજરી જિનચંદ્રને રે પરણાવે નિજ તાય તપ૦ ૫
સુખ વિલસી થઈ સાધવી રે, વૈજયંતે દોય દેવ; તપ૦
વરદત્ત પણ ઉપનો રે, જિહાં સીમંધર દેવ, તપ૦ ૬
અમરસેન રાજા ઘરે રે, ગુણવંત નારી પેટ; તપ૦
લક્ષણ લક્ષિત રાયને રે, પુણ્યે કીધો ભેટ. તપ૦ ૭
શૂરસેન રાજા થયો રે, સો કન્યા ભરથાર, તપ૦
સીમંધર સ્વામી કને રે, સુણી પંચમી અધિકાર, તપ૦ ૮

તિહાં પણ તે તપ આદર્યું રે, લોક સહિત ભૂપાલ, તપ૦
દશ હજાર વરસા લગે રે, પાલે રાજ્ય ઉદાર તપ૦ ૯
ચાર મહાવ્રત ચોંપશું રે, શ્રી જિનવરની પાસ; તપ૦
કેવલધર મુક્તે ગયો રે, સાદિ અનંત નિવાસ, તપ૦ ૧૦
રમણી વિજય શુભાપુરી રે, જંબૂવિદેહ મોઝાર; તપ૦
અમરસિંહ મહીપાલને રે, અમરાવતી ઘરનાર, તપ૦ ૧૧
વૈજયંત થકી ચવી રે, ગુણમંજરીનો જીવ; તપ૦
માનસરોવર હંસલો રે, નામ ધર્યું સુગ્રીવ, તપ૦ ૧૨
વીશે વરસે રાજવી રે, સહસ ચોરાશી પુત્ર; તપ૦
લાખ પૂરવ સમતા ધરે રે, કેવલજ્ઞાન પવિત્ર, તપ૦ ૧૩
પંચમી તપ મહિમા વિષે રે, ભાખે નિજ અધિકાર; તપ૦
જેણે જેહથી શિવપદ લહ્યું રે, તેહને તસ ઉપકાર. તપ૦ ૧૪

## ઢાળ ૬ઠ્ઠી

ચોવીશ દંડક વારવા હું વારી લાલ,
ચોવીશમો જિનચંદરે, હું વારી લાલ;
પ્રગટ્યો પ્રાણત સ્વર્ગથી, હું વારી લાલ,
ત્રિશલા ઉર સુખકંદ રે, હું વારી લાલ,
મહાવીરને કરૂં વંદના, હું વારી લાલ. ૧
પંચમી ગતિને સાધવા, હું વારી લાલ,
પંચમનાણ વિલાસ રે, હું વારી લાલ.
મહાનિશીથ સિદ્ધાંતમાં રે, હું વારી લાલ,
પંચમી તપ પ્રકાશ રે, હું વારી લાલ, ૨
અપરાધી પણ ઉદ્ધર્યો, હું વારી લાલ,

ચંડકોશિયો નાગ રે, હું વારી લાલ;
યજ્ઞ કરતા બ્રાહ્મણા, હું વારી લાલ,
સરખા કીધા આપ રે, હું વારી લાલ. ૩
દેવાનંદા બ્રાહ્મણી, હું વારી લાલ,
ઋષભદત્ત વળી વિપ્ર રે, હું વારી લાલ;
બ્યાસી દિવસ સંબંધથી, હું વારી લાલ,
કામિત પૂર્યો ક્ષિપ્ર રે, હું વારી લાલ. ૪
કર્મ રોગને ટાળવા, હું વારી લાલ,
સર્વ ઔષધનો જાણ રે, હું વારી લાલ;
આદર્યો મેં આશા ધરી, હું વારી લાલ,
મુજ ઉપર હિત આણ રે, હું વારી લાલ. ૫
શ્રીવિજયસિંહ સૂરીશનો, હું વારી લાલ,
સત્યવિજય પંન્યાસ રે, હું વારી લાલ;
શિષ્ય કપૂરવિજય કવિ, હું વારી લાલ,
ચંદકિરણ જસ જાસ રે, હું વારી લાલ. ૬
પાસ પંચાસરા સાનિધ્યે, હું વારી લાલ,
ખીમાવિજય ગુરૂ નામ રે, હું વારી લાલ;
જિનવિજય કહે મુજ હજો, હું વારી લાલ,
પંચમી તપ પરિણામ રે, હું વારી લાલ. ૭

## કળશ

ઈમ વીરલાયક વિશ્વનાયક, સિદ્ધિદાયક સંસ્તવ્યો,
પંચમી તપ સ્તવન ટોડર,ગુંથી જિન કંઠે ઠવ્યો;
પુણ્ય પાટણ ક્ષેત્ર માંહે, સત્તર ત્રાણું સંવત્સરે,
શ્રી પાર્શ્વ જન્મ કલ્યાણક દિવસે, સકલ ભવિ મંગલ કરે.

## પંચમી સ્તવન

## ઢાળ ૧ લી

શ્રી ગુરૂ ચરણ નમી કરી રે, પ્રણમી સરસ્વતિ માય
પંચમી તપ વિધિશું કરો રે, નિર્મલ જ્ઞાન ઉપાય
ભવિકજન કીજે એ તપસાર, જન્મ સફલ નિરધાર ભવિકજન
લહીયે સુખ શ્રીકાર ભવિકજન ૧
સમવસરણ દેવે રચ્યું રે, બેઠાં નેમિ જિણંદ;
બારે પર્ષદા આગલે રે, ભાંખે શ્રી જિનચંદ. ભવિક૦ ૨
જ્ઞાનવડો સંસારમાં રે, શિવપુરનો દાતાર,
જ્ઞાનરૂપી દીવો કહ્યો રે, પ્રગટ્યો તેજ અપાર. ભવિક૦ ૩
જ્ઞાન લોચન જબ નિરખીયે રે, તવ દેખે લોકાલોક;
પશુઆ પરે રે માનવી રે, જ્ઞાન વિના સવિ ફોક. ભવિક૦ ૪
જ્ઞાની શ્વાસોશ્વાસમાં રે, કર્મ કરે જે નાશ,
નારકીના તે જીવને રે, કોડી વરસ શું વિલાસ. ભવિક૦ ૫
આરાધક અધિકો કહ્યો રે, ભગવતિ સૂત્ર મોઝાર;
ક્રિયાવંતને આગલે રે, જ્ઞાન સકલ શિરદાર. ભવિક૦ ૬
કષ્ટ ક્રિયા તો સહુ કરે રે, તેહથી નહિ કોઈ સિદ્ધ;
જ્ઞાન ક્રિયા જબ દો મિલે રે, તવ પામે બહુલી ઋદ્ધ. ભવિક૦ ૭
કોણે આરાધી એહવી રે, કોઈ ને ફળી તત્કાળ;
તેહ ઉપર તુમે સાંભળો રે, એહની કથા રસાળ. ભવિક૦ ૮
જંબુદ્વીપે સોહામણો રે, ભરતક્ષેત્ર અભિરામ,
પદ્મપુર નગરે શોભતો રે, અજીતસેન રાય નામ. ભવિક૦ ૯

શીલ સૌભાગી આગલે રે, યશોમતિ રાણી નાર;
વરદત્ત બેટો તેહનો રે, મૂરખમાં શિરદાર. ભવિક૦ ૧૦
માતપિતા મન રંગશું રે, મૂકે અધ્યાપક પાસ;
પણ તેહને નવિ આવડે રે, વિદ્યા વિનય વિલાસ. ભવિક૦ ૧૧
જીમ જીમ યૌવન જાગતો રે, તિમ તિમ તનુ બહુ રોગ;
કોઢ થયો વળી તેહને રે, વિષમા કર્મના ભોગ. ભવિક૦ ૧૨
આદરીએ આદર કરી રે, સૌભાગ્ય પંચમી સાર;
સુખ સઘળાં સ્હેજે મિલે રે, પામે જ્ઞાન અપાર. ભવિક૦ ૧૩

## ઢાળ ૨ જી

## (દુહા)

તિલકપુર શેઠ વસે તિહાં, સિંહદાસ ગુણવંત,
જૈનધર્મ કરતાં લહે, કંચન કોડી અનંત. ૧
કપુરતિલકા સુંદરી, ચાલે કુલ આચાર;
તેહની કુંખે અવતરી, ગુણમંજરી વરનાર. ૨
મૂંગી થઈ તે બાળીકા, વચન વદે નહીં એક,
જિમ જિમ અતિ ઔષધ કરે, તિમ તિમ તનુ બહુ રોગ. ૩
સોળ વરસ તેહને થયાં, પરણે નહીં કુમાર;
એહનો કોઈ વાંછે નહીં; સ્વજનાદિક પરિવાર. ૪

## ઢાળ

એહવે આવી સમોસર્યા, શ્રી વિજયસેન સૂરીંદરે. સુંદર;
જ્ઞાનીગુરુને વાંદવા, પુત્ર સહિત ભૂપવૃંદ રે સુંદર. ૧
સદ્‌ગુરુ દીયે ધર્મ દેશના, સાંભળો ચતુર સુજાણ રે સુંદર;
જ્ઞાન ભણો ભવિ ભાવશું, જિમ લહો કોડિ કલ્યાણ રે સુંદર. ૨

સિંહદાસ સુત આપણો, આવી નમ્યો કરજોડ રે સુંદર;
વિધિશું વાંદી દેશના, સાંભળવાના કોડ રે. સુંદર. ૩
જ્ઞાન આશાતના જે કરે, તે લહે દુઃખ અનેક રે સુંદર;
વાચા પણ નવિ ઉપજે, બાલપદે અવિવેક રે સુંદર. ૪
ઈહભવ પરભવ દુઃખ લહે, દુષ્ટ કુષ્ટાદિક રોગ રે, સુંદર;
પરભવ પુત્ર ન સંપજે, કલત્રાદિક વિયોગ રે. સુંદર. ૫
સિંહદાસ પૂછે હવે, નિજ બટીને વાત રે. સુંદર;
શ્યા કર્મે રોગ ઉપન્યો, તે કહો સકલ અવદાત રે. સુંદર. ૬
ગુરુ કહે શેઠજી સાંભળો, પૂર્વભવ વિરતંત રે. સુંદર;
ધાતકી ખંડમધ્યે ભરતમાં, ખેટક નગર નિરખંત રે. સુંદર. ૭
જિનદેવ વણિક વસે તિહાં, સુંદરી નામે નાર રે. સુંદર;
પાંચ બેટા ગુણ આગલા, ચાર સુતા મનોહાર રે. સુંદર. ૮
એકદિન ભણવા મૂકીયા, હોંશ ધરી મનમાંહી રે. સુંદર;
ચપલાઈ કરે ચોગુણી, ન ભણે હરખે ઉચ્છાંહી રે. સુંદર. ૯
શિખામણ પંડ્યો દીયે, આવી રૂવે માતા પાસ રે. સુંદર;
કોપ કરી વળતું કહે, બેઠા રહો ઘરવાસ રે. સુંદર. ૧૦
ચૂલાં માંહી નાંખીયા, પુસ્તક પાટી સોય રે. સુંદર;
રીસે ધમધમતી કહે, આખર મરશે સહુ કોય રે. સુંદર. ૧૧
કંત કહે નારી પ્રત્યે, કોણ દીએ કન્યાદાન રે. સુંદર;
મૂરખ ગુણ ગ્રહે નહિં, ન લહે આદરમાન રે. સુંદર. ૧૨
બિહુ જણ માંહી બોલતા, ક્રોધ વધ્યો વિકરાલ રે. સુંદર;
જિનદેવે માર્યું મુશલું, મરણ પામી તત્કાલ રે. સુંદર. ૧૩

તેહ મરી ગુણમંજરી, અવતરી તાહરે ગેહ રે. સુંદર;
જાતિસ્મરણ ઉપન્યું, પ્રગટી પુન્યની રેહ રે. સુંદર. ૧૪
સાચું સાચું સહુ કહે, જ્ઞાન ભણો ગુણખાણ રે. સુંદર;
તપનો જો ઉદ્યમ કરો, તો લહો કેવલજ્ઞાન રે. સુંદર. ૧૫

## ઢાળ ૩ જી

## ( દુહા )

પાંસઠ મહિના કીજીયે, માસ માસ ઉપવાસ;
પોથી થાપો આગલે, સ્વસ્તિક પુરો ખાસ. ૧
પાંચ પાંચ ફલ મૂકીયે, પાંચ જાતિનાં ધાન;
પાંચ વાટી દીવો કરે, પાંચ ઢોઉં પકવાન. ૨
કુસુમ ભલાં આણી કરી, ધૂપ પૂજા કરી સાર;
નમો નાણસ્સે ગુણણુ ગણો, ઉત્તરદિશિ દોય હજાર. ૩
ભક્તિ કરે સ્વામીતણી, શક્તિ તણે અનુસાર;
જિનવર જુગતે પુજતાં, પામે મોક્ષ દ્વાર. ૪
બાર ઉપવાસ ન કરી શકે, વરસમાંહી દિન એક;
જાવજ્જીવ આરાધીએ, આણી પરમ વિવેક. ૫

## ઢાળ

**મુનિવર દીયે ધર્મદેશના, સુણીયે દેઈ કાન રાજન;**
આળસ મૂકી આદરો, અજુવાલો નિજજ્ઞાન રાજન. મુનિ૦ ૧
રાય પૂછે હરખે કરી, સાંભળો ગુરુ ગુણવંત રાજન;
વરદત્તે કર્મકીશ્યાં કર્યા, કોઢે અંગ ગલંત રાજન. મુનિ૦ ૨
ભવિક જીવ હિતકારણે ગુરુ કહે મધુરી વાણ રાજન;
પૂર્વ ભવની વાર્તા, સાંભળો ચતુર સુજાણ રાજન. મુનિ૦ ૩

જંબુદ્વીપ ભરતક્ષેત્રમાં, શ્રીપુર નગરવિશાલ રાજન;
વસુશેઠના સુત બે ભલાં વસુસાર વસુદેવ નિહાલ રાજન. મુનિ૦૪
વન રમતાં ગુરુ વાંદીયા, શ્રી મુનિસુંદરસૂરિ રાજન;
સાંભલતાં સંયમ લીયે, તપ કરે આનંદપુર રાજન. મુનિ૦ ૫
સકલકલા ગુણ આગલો, લઘુભાઈ અતિસાર રાજન;
વસુદેવને કીધો પાટવી, પંચશયાં શિરદાર રાજન. મુનિ૦ ૬
પગ પગ પૂછે તેહને, સૂત્ર અર્થ નિરધાર રાજન;
પલક એક ઉંઘે નહિ, તવ ચિંતે અણગાર રાજન. મુનિ૦ ૭
પાપ લાગ્યું મુજ કીહાં થકી, એવડો શ્યો કંડશોષ રાજન;
મૂઢ મુરખ સંસારમાં, કાયા કરે નિજ પોષ રાજન. મુનિ૦ ૮
બાર દિવસ મૌને રહ્યો, પ્રગટ થયો તવ પાપ રાજન;
જેવાં કર્મ જે કોઈ કરે, તે લહે સઘળાં આપ રાજન. મુનિ૦ ૯
તુજકુલે આવી અવતર્યો, દિપાવ્યો તુજ વંશ રાજન;
વૃદ્ધભાઈ મરી ઉપન્યો, માન સરોવર હંસ રાજન. મુનિ૦ ૧૦
સયલ કથા સુણતાં લહ્યો, જાતિસ્મરણ બાલ રાજન;
ધનધન જ્ઞાની ગુરુ મલ્યા, રોગ થયા આલમાલ રાજન. મુનિ૦ ૧૧
વિધિ સાથે પંચમી તપ કરે, રાજાદિક પરિવાર રાજન;
રોગ ગયા સવિ તેહના, કિમ જાયે તડકે ઠાર રાજન. મુનિ૦ ૧૨
સ્વયંવર મંડપ માંડીયો, પરણી એક હજાર રાજન;
હરખ્યો વરદત્ત ઈમ કહે, જૈનધર્મ જગસાર રાજન. મુનિ૦ ૧૩
રાજ્યે સ્થાપી નિજપુત્રને, સાધે શિવપુર સાથ રાજન;
અજિતસેન ચારિંત્ર લીયો, સાચા શ્રી ગુરુ હાથ રાજન. મુનિ૦ ૧૪
સુખ વિલસે સંસારનાં, વરતાવે નિત આણ રાજન;
પુત્ર જનમ એ હવે થયો, ઊગ્યો અભિનવ ભાણ રાજન. મુનિ૦ ૧૫

## ઢાળ ૪ થી

## ( દુહા )

ગુણમંજરી સુંદરભઈ, પરણી સા જિનચંદ,
ચારિત્ર પાલી નિર્મલું, પામે વિજયંત સુરીંદ. ૧
વરદત્ત મનમાં ચિંતવે, આપું સુતને રાજ,
હવે હું સંયમ આદરૂં, સાધુ આતમ કાજ. ૨
અશુભ ધ્યાન દૂર કરી, ધરતો જિનવર ધ્યાન,
કાળધર્મ પામી ઉપન્યો, પુષ્કલાવતી વિજય પ્રધાન. ૩

## ઢાળ

**સૌભાગ્ય પંચમી આદરો,** જિમ પામો હો સુખસઘળાં
વડવીર તો;
ચોથભત્તે શુદિ પાંચમી, વ્રત ધરવું હો, ભોંયે સુવું ધીર તો.
સૌભાગ્ય૦ ૧
ત્રણકાલ દેવ વાંદીયે, કીજે દીજે હો, ગુરુને બહુમાન તો;
પડિક્કમણાં દોય વારનાં, જિમ વાધે હો ઉત્તમગુણજ્ઞાન તો.
સૌભાગ્ય૦ ૨
નયરી પુંડરીગિણી સોહતી, વિરાજે હો અમરસેન ભૂપાલ તો;
તસ ધરણી શીલે સતી, ગુણવંતી કુંખે હો અવતારીયો બાલ તો.
સૌભાગ્ય૦૩
સજ્જન સંતોષી સામટા, નામ સ્થાપે હો સુરસેન અભિરામ તો;
ચંદ્રકલા જેમ વાધતી તેમ, સાધે હો વાધે નિજ નામ તો.
સૌભાગ્ય૦૪

યૌવનવય જાણી પિતાએ, સો કન્યા પરણાવી સાર તો;
રાજ્ય દેઈ નિજ પુત્રને, અમરસેન પહોંતો હો પરલોક મોઝાર તો.
સૌભાગ્ય૦૫
શ્રી સીમંધર આવ્યા સાંભળી, વાંદવાને હો, આવે તિહાંભૂપ તો;
જ્ઞાન આરાધન દેશના, દેખાડે હો, વરદત્ત સ્વરૂપ તો.
સૌભાગ્ય૦૬
સુરસેન હવે વિનવે, પ્રભુ પ્રકાશો હો તે કોણ વરદત્ત તો;
સકલ વાત માંડી કહી, તપ માંડ્યો હો કીજે રંગ રત્ત તો.
સૌભાગ્ય૦૭
જિનવર વાંદી આવીયા, સંવેગે હો મૂકે ઘરભાર તો;
સિંહતણી પરે આદરી, જેણે લહીયે હો ભવજલનો પાર તો.
સૌભાગ્ય૦૮
પંચમહાવ્રત આદર્યો, સહસ વરસે હો પામે કેવલજ્ઞાન તો;
અવિચલ સુખ એણે લહ્યાં, ઈમનિસુણી હો આરાધો જ્ઞાન તો.
સૌભાગ્ય૦૯
જંબુદ્વીપ માંહે વળી, વિજય રમણી હો નગરી ચોસાલ તો;
અમરસેન અમરાવતી, પુણ્યે પ્રગટ્યો હો આવ્યો એ બોલ તો.
સૌભાગ્ય૦૧૦
ગુણમંજરી જીવ ઊપન્યો, રાજાને હો હુવો ઉછરંગ તો;
રાજ્ય કરે નિજ તાતનું, પ્રેમે પરણું હો કન્યાસુખસંગ તો.
સૌભાગ્ય૦૧૧
એકદિન મનમાં ચિંતવે, હું તો સાધુ હો, નિજ આતમ કાજ તો;
ચાર સહસ બેટા થયા, પાટ આપે હો, નિજ સુત શિરતાજ તો.
સૌભાગ્ય૦૧૨

સિંહતણી પરે નિકળી, લાખ પુરવ હો સંયમ શિરતાજ હો;
તપ તપે અતિ આકરા, કેવળ પામી હો લહે શિવરાજ તો.
સૌભાગ્ય૦૧૩

## ઢાળ ૫ મી

તપ ઉજમણુ એણી પરે સુણીયે, વિત્ત સારૂં ધન ખરચોજી,
પાંચમ દિન પામી કીજિયે, જ્ઞાનાદિકને આચરોજી. ૧
પાંચ પ્રતી સિદ્ધાંતની સારી, પાઠાં પાંચ રૂમાલજી,
ખડિયો લેખણ પાટી પોથી, ઠવણી કવલી ઘો લાલજી. ૨
સ્નાત્ર મહોત્સવ વિધિશું કીજે; રાત્રિજગે ગીત ગાઓજી,
ચૈત્યાદિકની પૂજા કરતાં, જિનવરના ગુણ ગાઓજી. ૩
ગુણમંજરી વરદત્તતણીપરે, કીજે ત્રિકરણ શુદ્ધજી,
એ વિધિ કરતાં થોડે કાળે, લહિયે સઘળી રિદ્ધજી. ૪
વાસકુંપી ધૂપધાણું વળી કીજિયે, ઝરમલ પાંચ મંગાવોજી,
ગુરુને વાંદી પુસ્તકને પૂજી, સ્વામી સ્વામીને નોતરાવોજી. ૫
ગુરુને તેડી બે કરજોડી, આદર શું વહોરાવોજી,
પારણું કીજે લાહો લીજે, પંચમી તપ ઉજવાવોજી. ૬
નેમિ જિનેશ્વર અતિઅલવેસર કેશર વર સમ કાયાજી,
એ ઉપદેશ સુણીને સમજ્યાં, જ્ઞાન લોચન દેખાયાજી. ૭
વરદત્ત ગણધર આગે કહીયે, લહીયે ભવિજન પ્રાણીજી,
સૌભાગ્ય પંચમી આગે આરાધો, નિસુણો જિનવર વાણીજી. ૮
દેહ નિરોગી સૌભાગી થાઓ, પામો રંગ રસાલજી,
મૂરખપણું દૂરે છાંડો, માંડો જ્ઞાન વિશાલજી. ૯

સૌભાગ્ય પંચમી જે નર કરશે, તે વરશે મંગલમાલજી,
ગજ રથ ઘોડા સુંદર મંદિર, મણિમય ઝાકઝમાલજી. ૧૦
સંવત સત્તર અઠ્ઠાવન માંહિ, સિદ્ધપુર રહી ચોમાસુજી,
કાર્તિક શુદિ દિન પંચમી ગાયો, સકલ ફલી મુજ આશજી. ૧૧
તપગચ્છ નાયક દિનકર સરીખા, શ્રી વિજય પ્રભસૂરિંદાજી,
શ્રી વિજય રત્નસૂરીશ્વર રાજે, પ્રથમ પરમાનંદાજી. ૧૨

## કલશ

એમ નેમિ જિનવર સયલ સુખકર ઉપદિશે ભવિ હિતકરો
તપગચ્છ નાયક શિવસુખ દાયક, લાયક માંહિ પુરંદરો.
શ્રી લાભ કુશલ વિબુદ્ધ સુખકર, વીરકુશલ પંડિત વરો;
સૌભાગ્ય કુશલ સુગુરુ સેવક, કેશવકુશલ જય કરો.

## પંચમીનું ૬ ઢાળનું સ્તવન

### દુહા

પ્રણમી પ્રેમે પાસજિન, પદ પંકજ અભિરામ
પંચમી તપ મહિમા કહુ, સુણતાં સીઝે કામ. ૧
અલકા અધિક વીરાજતી દ્વારામતી ઈતિ નામ;
નેમી જિનેશ્વર આવીયા, રૈવતગિરિ શુભઠામ. ૨
કેશવ વંદન આવીયા, બેઠી પર્ષદા બાર;
વરદત્ત ગણધર તવ તીહાં, પ્રશ્ન કરે સુવિચાર. ૩
દંસણ નાણ ચારિત્રની, કહો તિથિ કેહી હોય;
કીણ વિધિ તે આરાધીયે, જંપે શ્રી જિન સોય. ૪

ચૌદશ આઠમ પૂર્ણિમા, અમાવસી એ તિથિ ચાર;
ચારિત્ર પોષહ આદરી, લહીએ ભવજલ પાર. ૫
પંચમી બીજ અગ્યારસી, જ્ઞાનતણી તિથિ એહ;
જ્ઞાન ભક્તિ બહુ સાચવો; જીમ હોય નિર્મલ દેહ. ૬
નવ તિથિ શેષ કીજીયે, દર્શન ભક્તિ વિશેષ;
જિન પૂજન કલ્યાણકાદિક સાધર્મીક દેખ. ૭
તે માંહી વલી નિર્મલી, કાર્તિક પંચમી જેહ;
જ્ઞાનારાધનની કહી, નેમજીએ ધરી નેહ. ૮
એક દિવસ આરાધતાં, પામ્યાંએ નિર્મલનાણ;
વરદત્તને ગુણમંજરી, સુણજો તાસ વખાણ. ૯

## ઢાળ ૧ લી

જંબુદ્વિપે ભરતમાં પદ્મપુરી અતી સોહે રે;
સુષમા જેહની જોવતાં, સુરનરનાં મન મોહે રે;
**શ્રી જિનવર ઈમ ઉપદીશે.** ૧
અજીતસેન જસ રાજીયો, તસ ધરણી યશોમતી રાણી રે;
વરદત્ત તેહનો સુત ભલો, સકલકલા ગુણ ખાણી રે. શ્રી૦ ૨
આઠ વર્ષનો જબ થયો, તવ મુક્યો નિશાળે રે;
અક્ષર માત્ર ન આવડે, જીમ જલમાં સેવાલ રે. શ્રી૦ ૩
અનુક્રમે યૌવન પામીયો, વિણઠ્યો કોઢે દેહો રે;
રતિ નવ પામે કેહથી, ન ધરે કોઈ સનેહો રે. શ્રી૦ ૪
હવે તિણહિજ પુરમાં વસે, સિંહદાસ જિનધર્મી રે;
કોટી ધ્વજ વ્યવહારિયો, સંઘ મુખ્ય શુભ કર્મી રે. શ્રી૦ ૫

કર્પુરતિલકા તસ ગેહીની, ગુણમંજરી તસ બેટી રે;
વચને મુંગી વર તનું, રોગતણી છે પેટી રે. શ્રી૦ ૬
સોલ વર્ષ સા થઈ પણ, તસ કોઈ ન દઈ રે,
માતા પિતા પરિજન સર્વે, તસ દુઃખે દુઃખીયા બીહે રે. શ્રી૦ ૭

## દુહો

ઈણ સમયે તવ એકદા વિજયસેન ગચ્છનાથ
ચઊનાણી ગુરુ ભર્યા, મુનિ પરિકરે સનાથ ૮
નગરજન સવિ આવિયાં, સુત સંયુત નરનાથ
સિંહદાસ તનયા સહિત, વંદે શ્રી મુનિનાથ. ૯

## ઢાળ ૨ જી

ક્લેશ નાશીની દેશના, **હીત આણી રે,**
ભાખે શ્રી ગુરુરાજ **સુણો ભવિ પ્રાણી રે.**
જ્ઞાનારાધન સાચવો હી૦ શ્રવણ પઠણને કાજ. સુ૦ ૧
જ્ઞાન વિરાધે જે મને હી૦ તે પરભવે મનહીન સુ૦
વચને જેહ વિરાધતાં હી૦ તે મુંગા દુઃખહીન. સુ૦ ૨
કાયાથી જેહ વિરાધતાં હી૦ તસ કુષ્ઠાદીક રોગ સુ૦
ત્રિવિધ વિરાધન જ્ઞાનની હી૦ જે મૂરખ કરે ભોગ. સુ૦ ૩
પુત્ર કલત્ર ધન મિત્રનો હી૦ તેહનો હોયે નાશ સુ૦
આધિ વ્યાધિ તસ પરભવે હી૦ નિર્વિવેક તનુ તાસ. સુ૦ ૪
સિંહદાસ ઈમ સાંભલી હી૦ પુછે ઉલટ આણી રે સુ૦
કહો ભગવન્ કીણ કર્મથી હી૦ મુજ તનયા ગુણહીણ. સુ૦ ૫

ગુરુ કહે એહ સંસારમાં હી૦ સુખદુઃખ કર્મને હાથ સુ૦
કર્મ થકી બલીયા નહી હી૦ ચક્રી હલધર સાથ. સુ૦ ૬
એહનો પૂર્વભવ સુણો હી૦ હૃદયે વિચારો હેવ સુ૦
કર્મતણી ગતી એહવી હી૦ ગુરુભાખે તતખેવ. સુ૦ ૭

## ઢાળ ૩ જી

ધાતકી ખંડે ભરતમાં મનોહર ખેટકનામ નરરાજ
નયરમાંહી વ્યવહારીયો ધનવંત વસુદેવ નામ નરરાજ
**પૂરવભવ તુમે સાંભળો.** ૧
સુંદરી નામે ગેહીની તસ સુત પંચ રસાલ નરરાજ
આસપાલ પહેલો ભલો બીજો તે તેજપાલ નરરાજ. પૂ૦ ૨
ગુણપાલ ત્રીજો કહ્યો ધર્મપાલ ધર્મસાર નરરાજ
લાવણ્ય રૂપે શોભતી વળી તસ પુત્રી ચાર નરરાજ. પૂ૦ ૩
લીલાવતી ને શીલાવતી રંગાવતી તિમ જાણ નરરાજ
મૃગાવતી ચોથી ભલી મહીમા ગુણની ખાણ નરરાજ. પૂ૦ ૪
પંડિત પાસે મોકલ્યા તે પાંચે નિજ નંદ નરરાજ
ચપલાઈ કરતાં ઘણું માંહોમાંહિ દંદ નરરાજ. પૂ૦ ૫
પંડિત મારે તેહને તે રોઈ ઘરે જાય નરરાજ
પંડિતને ઉપલે હણ્યો જો ફરી તુમ ન સુહાય નરરાજ. પૂ૦ ૬
દુઃખથકી તિણે ભણે શું હોવે, શિખવે ઈણિપરે માય નરરાજ
કંઠશોષ કીધા થકી શું અધિકેરૂ થાય નરરાજ. પૂ૦ ૭
પાઠી પોથી પ્રમુખ જે પરજાલે તેણીવાર નરરાજ
મૂર્ખપણાથી તેહને નવિ પરણાવે કોઈ નાર નરરાજ. પૂ૦ ૮

તિણે દુઃખે દુઃખીયો સ્ત્રી પ્રત્યે ભાખે શેઠ વચન નરરાજ
અંગજ મૂર્ખ રાખીયા કીધો અહીલ જન્મ નરરાજ. પૂ૦ ૯
પ્રત્યુત્તર તવ સ્ત્રી કહે એ સઘળો તુમ દોષ નરરાજ
મર્મ સ્થાનકે ઉપલે હણી આણી અતિ ઘણો રોષ નરરાજ. પૂ૦ ૧૦
તે તુમ તનયા ઉપની જ્ઞાન આશાતના કીધ નરરાજ
અંગે પીડી રોગશું એ ફલ તારા પ્રસિદ્ધ નરરાજ. પૂ૦ ૧૧

## ઢાળ ૪ થી

પૂરવ ભવ ઈમ સાંભળીજી, જાતિસ્મરણ લહ્યો તામ;
કહો ભગવંત હવે એહનું જી, કર્મ છોડણનું નીદાન.
**જ્ઞાન આરાધન આદરો જી.** ૧
ઈણ અવસર વરદત્તનોજી, કર્મ પૂછે નૃપ તામ;
ગુરુ કહે એહીજ ભરતમાંજી, શ્રીપુરે શેઠ વસુનામ. જ્ઞાન૦ ૨
વસુસાર વસુદેવ બીહું હું તાજી, તેહને પુત્ર ગુણવંત;
ગુરુતણી દેશના સાંભલીજી, વનમાંહી તેણે એકાંત. જ્ઞાન૦ ૩
સંયમ બેઉ જણે આદર્યોજી, સૂરિ મુનિ સુંદર પાસ;
વસુદેવ બહુ શ્રુતગુણ થકીજી, સૂરિપદે ઠવે રે ઉલ્લાસ. જ્ઞાન૦ ૪
પંચસય સાધુને વાચનાજી, આપતા કરતો સજઝાય;
એકદિન પોરસી સુવતાંજી, પ્રશ્નમાં રયણી વિહાય. જ્ઞાન૦ ૫
નિદ્રા ન કરી શકે ગચ્છાધણીજી, ચિંતવે મનમાંહી એમ;
ધન્ય મૂર્ખ મુજ બાંધવોજી, કીસીય ચિંતા નહિ તેમ. જ્ઞાન૦ ૬
એહવું મૂર્ખપણું લહુંજી, ચિત્ત ધર્યું જેહ અજ્ઞાન;
બાર દિન મૌન કરી ઉપન્યાજી, તાહરો પુત્ર નિદાન. જ્ઞાન૦ ૭

વૃદ્ધ ભ્રાતા થયો હંસલોજી, માનસ સરોવર માંહિ;
ઈમ સુણી જાતિસ્મરણ લહ્યુંજી, વરદત્તે દેશના માંહિ. જ્ઞાન૦ ૮
ભુપતિ શેઠ બીહું ભણેજી, સૂરિ આગળ કરજોડ;
વિધિ કહો જ્ઞાન આરાધવાજી, જેમ પહોંચે મન કોડ. જ્ઞાન૦ ૯

## ઢાળ ૫ મી

ભાખે તવ મુનિરાય સાથ નિસુણી ચિત્ત આણી
ઉજ્જવલ પંચમી દિવસે જેહ આરાધે પ્રાણી
ચોથ ભક્ત જિન વાંદવા, પૂજા ત્રિહું કાળ ·
સાવદ્ય કરણી નવિ કરે, બ્રહ્મચર્ય સંભાળ. ૧
માસ માસ ઈણી પરે કરે, તિહાં પાંસઠ માસ
ઉજમણું કરે તેહનું, પંચ વસ્તુ પ્રકાશ
પાટી પોથી પ્રતિ પંચ ઠવણી ને કવલી
નોકારવાળી પૂંજણી, ચાબખા પંચવર્ણી ૨
પંચ જાતિ ફલ પંચ પંચ જિનબિંબ પ્રાસાદ
પંચ જાતિના દ્રવ્ય જેહ, ટાળો પંચ પ્રમાદ
માસે માસે ન કરી શકે તો કાર્તિક પાંચમ
અજુવાળી આરાધીયે જાવજીવ કરો એમ ૩
કુસુમ કપુર સુગંધ દ્રવ્ય લેઈ પુસ્તક પૂજે
ઠવણી બાજોઠ ઉપરે થાપીને રીજે
પંચવર્તિ દિપક કરો, તિમ સ્વસ્તિક પૂરે
પંચવર્ણી ફલ સુખડી ધન ઢોવે અદ્દુ રે. ૪
ૐ હ્રીં નમો નાણસ્સ જાણ ગુણે સહસ જ દોય

ઉત્તર સામા શુદ્ધ વસ્ત્રે ધરે નિર્મલ હોય
ગુરુ મુખે લેઈ પચ્ચખાણ રૂપાનાણું મુકે
જાવજ્જીવ એમ ઉચ્ચરે, પછી વિધિ નવ ચૂકે. ૫
જો પોષહને કારણે, એ વિધિ ન કરી શકે
તો બીજે દિન સાચવે, તો કીર્તિ ઝળકે
રોગ સોગ સંતાપ દુઃખ જાવે સંપદ થાવે
અનુક્રમે સુરસુખ ભોગવી અજરામર થાવે. ૬
તે તપ બિહૂ જણે આદર્યો થયા તેહ નીરોગ
તેણે સૌભાગ્ય પંચમી કહે તે એહવું લોક
એમ ઉજમણું વરિસ કરે, વરદત્ત શિક્ષા
સહસ્ર કન્યા પરણી તીહાં અનુક્રમે લીયે દિક્ષા. ૭
ગુણમંજરી પણ થઈ નીરોગી, ગુણચંદ્રે પરણી
પંચમી તપની વિધિ અનેક કીધી નિર્મલ કરણી
અંતે સંયમ આદરી, બિહું વિજય વિમાને
બત્રીસ સાગર આયુમાન પહોતા શુભ ધ્યાન. ૮

## ઢાળ ૬ ઠી

જંબુ પૂર્વવિદેહે વિજય પુષ્કલાવતી નામ
પુંડરીકીણી નગરી અમરસેન નૃપ ધામ
ગુણવંતી તસ રાણી તસ કુંખે ઉત્પન્ન
વરદત્ત જીવ સુરના, ગુણલક્ષણ સંપન્ન. ૧
ગુણલક્ષણ સંપન્નં પેખી, સુરસેન દીયો નામ
બાર વર્ષના એક શત કન્યા, પરણાવ્યો અભિરામ

તીર્થંકર મુખથી પૂર્વભવ નીસુણી ચારિત્ર લેઈ
વર્ષ સહસએક પાણી કેવલ સીધ્યા કર્મ ખપેઈ. ૨
હવે રમણી વિજયે, નરસિંહ ભુપતિ ગેહે
અમરાવતી કુંખે, ગુણમંજરી જીવ તેહ
ઉપન્યો આવી સુગ્રીવ ઠવીઉં નામ
બહું કન્યા પરણ્યો રાજતેજ બહુ ધામ. ૩
બહુધા સુખ વિલસતાં હુવા પુત્ર ચોરાશી હજાર
થાપી પુત્ર રાજ્યે લેઈ સંયમ કેવલ પામ્યા સાર
પૂર્વ એકલખ ભવિ પ્રતિબોધી પામ્યા અવિચલ સુખ
સૌભાગ્ય પંચમીનો તપ કરતાં જાયે દુર્ગતિદુઃખ. ૪
એહ સંબંધ નિસુણી જ્ઞાન આરાધો પ્રાણી
આશાતના ટાળો જીમ થાવો ગુણ ખાણી
એમ જાણી નાણી સુણીયે એ હિત આણી
શ્રી જિનવર ગણધરની એહવી ઉત્તમ વાણી. ૫
ઉત્તમ વાણી જિનની સુણીને પ્રતિ બુઝયા પ્રાણી
પંચમ નાણ લેવા કારણે એ સાચી સહી નાણી
શ્રી વિનયવિમલ કવિરાજ સુસેવક ધીરવિમલ કવિરાજ
નયવિમલ તસ શિષ્ય કહે, એમ જ્ઞાન સુજસ સવાય. ૬

## શ્રી પંચમીની ૫ ઢાળની સજ્ઝાય

## ઢાળ ૧ લી

શ્રી વાસુપૂજ્ય જિનેશ્વર વયણથી રે, રૂપકુંભ કંચનકુંભ મુનિદોય;
રોહિણી મંદિર સુંદર આવીયા રે, નમી ભવ પૂછે દંપતી સોય;
ચઉનાણી વયણે દંપતી મોહિઆ રે. ૧

રાજારાણી નિજ સુત આઠનો રે, તપ ફળ નિજ ભાવ ધરી સંબંધ;
વિનય કરી પૂછે મહારાજને રે, ચાર સુતાના ભવ પ્રબંધ ચઉ૦ ૨
રૂપવતી શીયળવતી ને ગુણવતી રે, સરસ્વતી જ્ઞાનકળા ભંડાર;
જન્મથી રોગ શોક દીઠો નહિ રે, કુણ પુણ્યે લીધો એહ અવતાર ચઉ૦ ૩

## ઢાળ ૨ જી

ગુરૂ કહે વૈતાઢય ગિરિવરૂ રે, પુત્રી વિદ્યાધરી ચાર;
નિજ આયુ જ્ઞાનીને પુછીયું રે, કરવા સફલ અવતાર
અવધારો અમ વિનતિ રે ૧
ગુરૂ કહે જ્ઞાન ઉપયોગથી રે, એક દિવસનું આય;
એવા વચન શ્રવણે સુણી રે, મનમાં વિમાસણ થાય. અવ... ૨
થોડામાં કાર્ય ધર્મનાં રે, કિમ કરીએ મુનિરાજ;
ગુરૂ કહે યોગ અસંખ્ય છે રે, જ્ઞાન પંચમી તુજ કાજ, અવ... ૩
ક્ષણ આરાધે સવિ અઘ ટળે રે, શુભ પરિણામે રે સાધ્ય;
કલ્યાણક નેવું જિન તણાં રે, પંચમી દિવસે આરાધ અવ... ૪

## ઢાળ ૩ જી

ચૈતર વદિ પંચમી દિને, સુણો પ્રાણીજી રે;
ચવીઆ ચંદ્રપ્રભ સ્વામ, લહે શુભ ઠામ ।।સુણો।।
અજિત સંભવ અનંતજી, સુણો૦
પંચમી સુદિ શિવધામ, શુભ પરિણામ. સુણો૦ ૧
વૈશાખ શુદિ પંચમી દિને; સુણો૦
સંજમ લીયે કુંથુનાથ, બહુ નર સાથ; સુણો૦
જેઠ સુદિ પંચમી વાસરે, સુણો૦

સુગતિ પામ્યા ધર્મનાથ, શિવપુરી સાથ. સુણો૦ ૨
શ્રાવણ સુદિ પંચમી દિને, સુણો૦
જન્મ્યા નેમિ જિણંદ અતિ ઉછરંગ; સુણો૦
માગશર વદિ પંચમી દિને સુણો૦
સુવિધિ જન્મ શુભ સંગ, પૂર્ણ અભંગ સુણો૦ ૩
કાર્તિક વદિ પંચમી તિથિ સુણો૦
સંભવ કેવળજ્ઞાન, કરો બહુમાન, સુણો૦
દશ ક્ષેત્રે નેવું જિન તણાં, સુણો૦
પંચમી દિનનાં કલ્યાણ, સુખનાં નિધાન. સુણો૦ ૪

## ઢાળ ૪થી

હાંરે મારે જ્ઞાની ગુરૂનાં, વયણ સુણી હિતકારજો;
ચાર વિદ્યાધરી પંચમી, વિધિ શું તે આદરે રે લોલ. ૧
હાંરે મારે શાસન દેવના, પંચ જ્ઞાન મનોહાર જો;
ટાળી રે આશાતના, દેવવંદન સદા રે લોલ. ૨
હાંરે મારે તપ પૂરણથી, ઉજમણાનો ભાવજો;
એહવે વિદ્યુતયોગે, સુરપદવી વર્યા રે લોલ. ૩
હાંરે મારે ધર્મ મનોરથ, આળસ તજતાં હોય જો;
ધન્ય તે આતમા, અવલંબી કારજ સર્યા રે લોલ. ૪
હાંરે મારે દેવ થકી તુમ, કૂખે લીઓ અવતારજો;
સાંભળ રોહિણી ! જ્ઞાન, આરાધન ફળ ઘણાં રે લોલ. ૫
હાંરે મારે ચાર ચતુરા, વિનય વિવેક વિચાર જો;
ગુણ કેંતા ઓળખીએ, તુમ પુત્રી તણાં રે લોલ. ૬

## ઢાળ ૫મી

જ્ઞાનીના વયણથી ચારે બ્હેની, જાતિસ્મરણ પામી રે,
જ્ઞાની ગુણવંતા;
ત્રીજા ભવમાં ધારણ કીધી, સિધ્યાં મનનાં કામો રે,
જ્ઞાની ગુણવંતા. ૧
શ્રી જિન મંદિર પંચ મનોહર, પંચ વર્ણ જિન પડિમા રે,
જ્ઞાની ગુણવંતા;
જિનવર આગમને અનુસારે, કરીએ ઉજમણાનો મહિમા રે,
જ્ઞાની ગુણવંતા. ૨
પંચમી આરાધનથી પંચમ, કેવળનાણ તે થાય રે,
જ્ઞાની ગુણવંતા;
**વિજયલક્ષ્મીસૂરિ** અનુભવનાણે, સંઘ સકલ સુખદાય રે;
જ્ઞાની ગુણવંતા. ૩

## પાંચમની સજ્ઝાય

(૧)

શ્રી ગુરુ ચરણ પસાઉલે રે લોલ, પંચમીનો મહિમાય આત્મા;
વિવરીને કહેશું અમે રે લોલ, સુણતાં પાતક જાય આત્મા
પંચમી તપ પ્રેમે કરો રે લોલ...૧
મન શુદ્ધે આરાધીએ રે લોલ, તૂટે કર્મ નિદાન આત્મા
ઈહ ભવ સુખ પામે ઘણો રે લોલ, પરભવ અમર વિમાન.
આત્મા, પંચમી તપ પ્રેમે કરો...૨

સકલ સૂત્ર રચ્યા થકી રે લોલ, ગણધર હુઆ વિખ્યાત આત્મા
જ્ઞાન ગુણે કરી જાણતા રે લોલ, સ્વર્ગ નરકની વાત
આત્મા, પંચમી તપ પ્રેમે કરો...૩
જે ગુરૂ જ્ઞાને દીપતા રે લોલ, તે તરીઆ સંસાર આત્મા
જ્ઞાનવંતને સહુ નમે રે લોલ, ઉતારે ભવપાર.
આત્મા, પંચમી તપ પ્રેમે કરો...૪
ૐ હ્રીં નમો નાણસ્સ ગણણું ગણો રે લોલ, નવકારવાળી વીશ
પાંચ વરસ એમ કીજીએ રે લોલ, ઉપર, વળી પાંચ માસ આત્મા
યથા શક્તિ કરી ઉજવો રે લોલ, જેમ હોય મનને ઉલ્લાસ
આત્મા, પંચમી તપ પ્રેમે કરો...૫
વરદત્ત ને ગુણમંજરી રે લોલ, તપથી નિર્મળ થાય આત્મા
કીર્તિ વિજય ઉવજ્ઝાયનો રે લોલ, કાંતિ વિજય ગુણ ગાય.
આત્મા, પંચમી તપ પ્રેમે કરો...૬

(૨)

પ્રવચન વચન વિચારીએજી, વળી ધર્મ ધર્મવિલાસ
ગુરુ પરંપરા ભગવતી જી, સેવીજે સુવિલાસ
ચતુરનર ! સમજો ધર્મ વિવેક ૧
મુક્તિ મહેલનો દીવડોજી, પહેલો જ્ઞાન પ્રકાર,
જ્ઞાન વિના તપ જપ ક્રિયાજી, નાવેફલ નિર્ધાર ચતુર...૨
એકેન્દ્રિય સુર નારકીજી ન કરે કવલ આહાર
જ્ઞાન વિના નવિ જિન કહેજી, તેહને તપ આચાર ચતુર...૩
પૃથ્વી પ્રાણી પ્રમુખનાજી, થાવર ભેદ અનેક
પ્રગટપણે તેહને નહિજી, પાપસ્થાનક એક. ચતુર...૪

તો પણ અજ્ઞાનીપણેજી, લાગે સઘલાં રે પાપ,
જ્ઞાનીને બહુ નિર્જરાજી, ભાખે અરિહંત આપ. ચતુર...૫
દયા પાળે પારેવડાજી, ડુક્કર શુદ્ધ આહાર
નાગા ચૌપદ સહુ ફરેજી, તો પણ નહિ ભવપાર. ચતુર...૬
જાણે જીવ અજીવનેજી, વળી ત્રસ થાવર પ્રાણ
તે જીવને જિનજી કહેજી, શુદ્ધ પણ પચ્ચકખાણ ચતુર...૭
રાગ-દ્વેષ છંડે સહીજી, જ્ઞાની નિજ પર જાણ
જ્ઞાને શુદ્ધ ક્રિયા ફલેજી, જ્ઞાને હોય ઉજ્જવલ ધ્યાન ચતુર...૮
ગુણ ઉપયોગ છે જીવનેજી, પહેલો જ્ઞાનપ્રકાશ
માનવિજય વાચક વદેજી, જુઓ જુઓ જ્ઞાનઉજાસ ચતુર...૯

## શ્રાવણ સુદ પાંચમ આરાધના

## શ્રી નેમિનાથ પ્રભુનું ચૈત્યવંદન

બાળપણે શ્રી નેમિનાથ, વંદુ બ્રહ્મચારી;
આઠ ભવોની પ્રીતડી, તારી રાજુલનારી. ૧
સમુદ્રવિજયસુત જાણીયે, શીવાદેવીના જાયા;
જાદવકુલ સોહામણો, શંખ લંછન ગુણ ગાયા. ૨
બત્રીસ સહસ બાંધવ તણી, જાણો પટરાણી,
પીચકારી સોવનતણી, તિહાં જળે ભરે આણી. ૩
દડો ઉછાળે ફુલનો, દીયરને બોલાવે;
સહુકો ભોજાઈઓ મળી - વિવાહ નેમ મનાવે. ૪
પરણો રાજુલ નાર, તમે ઉગ્રસેનની બેટી;
સત્યભામાની બેનડી, સમકિત ગુણની પેટી. ૫

નારી વિનાનું ઘર નહીં વાંઢો નર કહેવાય,
ભોજાઈ મેણાં મારશે, પરણો નેમ કુમાર. ૬
એક નારી વિના ઈશ્યો, ઘર શૂન્ય જ કહેવાય.
ઉના અન્ન કોણ આપશે, સુણો બાંધવ વાત. ૭
મંડપ ચોરાશી સ્તંભનો, રચીયો મનરંગે
ચઉદિશી ગૌરી ગાવતી, સાંજે ને પ્રભાતે. ૮
પીઠી ચોળે પિતરાણી મળી, ઉના જળે નવરાવે,
ધવલા નખલા મેળવી, મગ પીઠી બનાવે. ૯
સાત જાતનાં ધાન્યનાં, જુવારા વવરાવે,
ભોજાઈ પાસે સિંચાવવા, ગંગા નીર મંગાવે. ૧૦
આભૂષણ અંગે ધરો, ફુલનો શેરો ભરાવો,
વરઘોડો કાઢી નેમનો, રાજુલને પરણાવો. ૧૧
પંચ શબ્દ વાજિંત્ર ત્યાં, ભેરી વગડાવે,
થેઈ થેઈ નાચે પાત્ર ત્યાં, પ્રભુ તોરણ આવે. ૧૨
પશુ કરે પોકાર તિહાં, શાળાપતિને બોલાવે
સારથીને પણ પૂછતા, બંધન કેમ બંધાવે. ૧૩
યાદવકુળની રીત એ, પ્રભાતે ગૌરવ દઈશું,
રસના રસને કારણે, જીવ સકળનાં હરશે. ૧૪
ફરકે જમણું અંગ તિહાં, નવલા નેમકુમાર,
રાજુલ કહે સુણ સાહેલી, રથવાળ્યો તત્કાળ. ૧૫
વરસીદાન દેઈ કરી, એક કોડી આઠ લાખ
સહેસાવન સંયમ લીધો, સહસ પુરુષ સંઘાત. ૧૬
રાજુલ ધરણી ઢળી પડ્યા, ઉજ્જયંત ગઢ ચાલ્યા,
ગુફા માંહે રહનેમિ મળ્યા, રાજુલે પ્રતિબોધ્યા. ૧૭

સ્વામી હાથે સંયમ લીધો એ, સંલેખણા એક માસ,
કેવળજ્ઞાને ઝળહળ્યા, પામયા શિવપુર વાસ. ૧૮
પીયુ પહેલા મુગતે ગયા, ધન ધન નેમિકુમાર,
પરણ્યા શિવનારી તિહાં, સહસ પુરુષ સંઘાત. ૧૯
ભણતા શિવસુખ સંપજે એ, સુણતા મંગલમાલ,
હીરવિજય વાચક ભણે, તસ ઘરે જયજયકાર ૨૦

## પાંચમની સ્તુતિઓ
### (૧)

શ્રાવણ સુદિ દિન પંચમીએ, જન્મ્યા નેમિજિણંદ તો,
શ્યામવરણ તનુ શોભતુ એ, મુખ શારદકો ચંદ તો,
સહસ વરસ પ્રભુ આઉખુ એ, બ્રહ્મચારી ભગવંત તો,
અષ્ટ કરમ હેલા હણીએ, પહોંતા મુક્તિ મહંત તો. ૧

અષ્ટાપદ પર આદિ જિન એ, પહોતા મુક્તિ મોઝાર તો,
વાસુપૂજ્ય ચંપાપુરીએ, નેમ મુક્તિ ગિરનાર તો,
પાવાપુરી નગરીમાં વળીએ, શ્રી વીરતણું નિરવાણ તો,
સમેતશિખર વીસ સિદ્ધ હુવાએ, શિર વહું તેહની આણતો ૨

નેમિનાથ જ્ઞાની હુવાએ, ભાખે સત્ય વચન તો,
જીવદયા ગુણવેલડીએ, કીજે તાસ જતન તો,
મૃષા ન બોલો માનવીએ, ચોરી ચિત્ત નિવારતો,
અનંત તીર્થંકર એમ કહે એ, પરહરીએ પરનાર તો ૩

ગોમેધનામે યક્ષ ભલોએ, દેવી શ્રી અંબિકા નામ તો,
શાસન સાનિધ્ય જે કરે એ, કરે વળી ધર્મના કામ તો,
તપગચ્છ નાયક ગુણનીલોએ, શ્રી વિજયસેન સૂરિરાય તો,
ઋષભદાસ પાય સેવતાએ, સફલ કરો અવતાર તો. ૪

(૨)

શ્રાવણ સુદની પંચમી દિવસે, નેમિનાથ જિન જન્મ્યાજી,
છપ્પનદિશિ કુમારીઈ મહોત્સવ, ચોસઠ ઈંદ પ્રણમ્યાજી,
તે શ્રી જિનવર શિવસુખ કારણ, તારણ તરણ જહાજજી,
સૌભાગ્ય પંચમીને દિન નમતા, લહીઈ અવિચલ રાજજી ૧

સંભવ જ્ઞાન સુવિધિ જિન જન્મ્યા, ચંદ્રપ્રભુ અવતરણાંજી,
અજિત અનંત સંભવ શિવલહીયા, કુંથુનાથ તિન ચરણાંજી,
ધર્મનાથ પ્રભુ ધર્મધુરન્ધર, પંચમી ગતિ તે વરીયાજી,
શુદિ વદિ પાંચમે એહ કલ્યાણક, સવિ જિન ભવજલ તરીયાજી ૨

શ્રી જિનવાણી અમીય સમાણી, જાણી ભવિ આરાધોજી,
શિવસુખ ખાણી સુકૃત કમાણી, જિનગુણ કામે વાધોજી,
દ્વાદશ અંગ સજ્ઝાય સુણતાં, ભણતાં ગણતા ભાવઈજી,
સૌભાગ્ય પંચમી દિવસે, વિમાલકી રતિકમલા પાવઈજી ૩

રૂમઝૂમ કરતી ચરણે નેઉર, કટિ મેખલા સોહઈજી,
કોટીહાર નીલવટી તિમ, ટીલુ સવિ ભવિજન મન મોહઈજી,
હસિતવદન મૃગનયની અંબા, જગદંબા જયકારીજી,
સુજશ સૌભાગ્ય પંચમીવર દિવસઈ, સંઘ સદા સુખકારીજી ૪

(૩)

પાંચમને દિન ચોસઠ ઈન્દ્રે, નેમિજિન મહોત્સવ કીધોજી,
રૂપે રંભા રાજીમતીને, છંડી ચારિત્ર લીધોજી,
અંજન રત્ન સમ કાયા દિપે, શંખ લંછન પ્રસિદ્ધાજી,
કેવલ પામી મુક્તિ પહોંચ્યા, સઘળાં કારજ સિધ્યાજી ૧

આબુ અષ્ટાપદને તારંગા, શત્રુંજયગિરિ સોહેજી,
રાણકપુરને પાર્શ્વ શંખેશ્વર, ગિરનારે મન મોહેજી,
સમેત શિખરને વૈભાર ગિરિવર, ગોડી થંભણ વંદોજી,
પંચમી દિને પૂજા કરતા, અશુભ કર્મ નિકંદોજી ૨

નેમિ જિનેશ્વર ત્રિગડે બેઠા, પંચમી મહિમા બોલેજી,
બીજા તપ જપ છે અતિ બહોળા, નહિ કોઈ પંચમી તોલેજી,
પાટી પોથી ઠવણી કવલી, નોકારવાલી સારીજી,
પંચમીનું ઉજમણું કરતા, લહિયે શિવવધુ પ્યારીજી ૩

શાસનદેવી સાનિધ્યકારી, આરાધે અતિ દીપેજી,
કાને કુંડળ સુવર્ણ ચૂડી રૂપે રૂમઝુમ દીપેજી
અંબિકાદેવી વિઘ્ન હરેવી, શાસન સાનિધ્યકારીજી,
પંડિત હેતવિજય જયકારી, જિન જંપે જયકારીજી ૪

## શ્રી નેમનાથનો સલોકો

સરસ્વતી માતા તુમ પાયે લાગું, દેવ ગુરૂ તણી આજ્ઞા માગું,
જિહ્‌વા અગ્રે તું બેસજે આઈ, વાણી તણી તું કરજે સવાઈ. ૧.
આઘો પાછો કોઈ અક્ષર થાવે, માફ કરજો જે દોષ કાંઈ નાવે,
તગણ સગણ ને જગણના ઠાઠ, તે આદે દઈ ગણ છે આઠ. ૨.
કીયા સારા ને કીયા નિષેધ, તેનો ન જાણું ઉંડારથ ભેદ;
કવિજન આગળ મારી શી મતિ, દોષ ટાળજો માતા સરસ્વતી. ૩.
નેમજી કેરો કહીશું સલોકો, એક ચિત્તેથી સાંભળજો લોકો;
રાણી શિવાદેવી સમુદર રાજા, તસ કુળ આવ્યા કરવા દિવાજા. ૪.

ગર્ભે કારતક વદ બારશે રહ્યા, નવ માસ ને આઠ દીન થયા;
પ્રભુજી જન્મ્યાની તારીખ જાણું, શ્રાવણ સુદી પાંચમ ચિત્રા વખાણું. ૫.
જનમ્યા તણી તો નોબત વાગી, માતાપિતાને કીધાં વડભાગી;
તરિયાં તોરણ બાંધ્યાં છે બાર, ભરી મુક્તાફળ વધાવે નાર. ૬.
અનુક્રમે પ્રભુજી મોટેરા થાય, ક્રીડા કરવાને નેમજી જાય;
સરખે સરખા છે સંગાતે છોરા, લટકે બહુ મુલા કલગી તોરા. ૭.
રમત કરતા જાય છે તિહાં, દીઠી આયુધશાળા છે જિહાં,
નેમ પૂછે છે સાંભળો ભ્રાત, આ તે શું છે ? કહો તમે વાત. ૮.
ત્યારે સરખા સહુ ત્યાં વાણ, સાંભળો નેમજી ચતુર સુજાણ,
તમારો ભાઈ કૃષ્ણજી કહીએ. તેને બાંધવા આયુધ જોઈએ. ૯.
શંખ ચક્ર ને ગદા એ નામ, બીજો બાંધવ ઘાલે નહીં હામ,
એહવો બીજો કોઈ બળીયો જો થાય, આવા આયુધ તેને બંધાય. ૧૦.
નેમ કહે છે ઘાલું હું હામ, એમાં ભારે શું મ્હોટું કામ,
એવું કહીને શંખ જ લીધો, પોતે વગાડી નાદજ કીધો. ૧૧.
તે ટાણે થયો મહોટો ડમડોલ, સાયરના નીર ચઢ્યા કલ્લોલ;
પરવતની ટુંકો પડવાને લાગી, હાથી ઘોડા તો જાય છે ભાગી. ૧૨.
ઝબકી નારીઓ નવ લાગી વાર, તુટ્યા નવસેરા મોતીના હાર;
ધરા ધ્રૂજી ને મેઘ ગડગડીઓ, મહોટી ઈમારતો તૂટીને પડીયો. ૧૩.
સહુનાં કાળજાં ફરવાને લાગ્યાં, સ્ત્રી પુરૂષ જાય છે ભાગ્યાં;
કૃષ્ણ બલભદ્ર કરે છે વાત, ભાઈ શો થયો આ તે ઉત્પાત. ૧૪.
શંખ નાદ તો બીજે નવ થાય, એહવો બળિયો તે કોણ કહેવાય;
કાઢો ખબર આ તે શું થયું, ભાંગ્યું નગર કે કોઈ ઉગરીયું. ૧૫.
તે ટાણે કૃષ્ણ પામ્યા વધાઈ, એ તો તમારો નેમજી ભાઈ;

કૃષ્ણ પુછે છે નેમજી વાત, ભાઈ શો કીધો આ તેં ઉત્પાત. ૧૬.
નેમજીને કહે સાંભળો હરી, મેં તો અમસ્તી રમત કરી;
અતુલી બળ દીઠું નાનુડે વેષે, કૃષ્ણજી જાણે એ રાજને લેશે. ૧૭.
ત્યારે વિચાર્યું દેવ મોરારિ, એને પરણાવું સુંદર નારી;
ત્યારે બળ એનું ઓછું જો થાય, તો તો આપણે અહીં રહેવાય. ૧૮.
એવો વિચાર મનમાં આણી, તેડ્યા લક્ષ્મીજી આદે પટરાણી;
જળક્રીડા કરવા તમે સહુ જાઓ, નેમનો તમે વિવાહ મનાવો. ૧૯.
ચાલી પટરાણી સરવે સાજે, ચાલો દેવરીયા નાવાને કાજે;
જળક્રીડા કરતાં બોલ્યાં રૂક્ષ્મણી, દેવરીયા પરણો છબીલી રાણી. ૨૦.
વાંઢા નવિ રહીયે દેવર નગીના, લાવો દેરાણી રંગના ભીના;
નારી વિના તો દુઃખ છે ઘાટું, કોણ રાખશે બાર ઉઘાડું. ૨૧.
પરણ્યા વિના તો કેમ જ ચાલે, કરી લટકો ઘરમાં કોણ માલે;
ચૂલો ફુંકશો પાણીને ગળશો, વેલાં મોડાં તો ભોજન કરશો. ૨૨.
બારણે જાશો અટકાવી તાળુ, આવી અસુરા કરશો વાળુ;
દીવાબત્તીને કોણ જ કરશે, લીંપ્યા વિના તો ઉચેરા વળશે. ૨૩.
વાસણ ઉપર તો નહીં આવે તેજ, કોણ પાથરશે તમારી સેજ;
પ્રભાતે લુખો ખાખરો ખાશો, દેવતા લેવા સાંજરે જાશો. ૨૪.
મનની વાતો કોણને કહેવાશે, તે દિન નારીનો ઓરતો થાશે;
પરોણા આવીને પાછા જાશે, દેશ વિદેશે વાતો બહુ થાશે. ૨૫.
મહોટાના છોરૂ નાનેથી વરીયા, મારું કહ્યું તો માનો દેવરીયા,
ત્યારે સત્યભામા બોલ્યાં ત્યાં વાણ, સાંભળો દેવરીયા ચતુર સુજાણ. ૨૬.
ભાભીનો ભરોંસો નાશીને જાશે, પરણ્યા વિના કોણ પોતાની થાશે;
પહેરી ઓઢીને આંગણે ફરશે, ઝાઝાં વાનાં તો તમને કરશે. ૨૭.

ઉંચાં મન ભાભી કેરાં કેમ સહેશો, સુખ દુઃખની વાત કોણ આગળ કહેશો;
માટે પરણોને પાતળીયા રાણી, હું તો નહિ આપું ન્હાવાને પાણી. ૨૮.
વાંઢા દેવરને વિશ્વાસે રહીએ, સગાં વહાલામાં હલકાં જ થઈએ;
પરણ્યા વિના તો સુખ કેમ થાશે, સગાને ઘેર ગાવા કોણ જાશે. ૨૯.
ગણેશ વધાવા કેને મોકલશો, તમે જાશો તો શી રીતે ખલશો;
દેરાણી કેરો પાડ જાણીશું ! છોરૂ થાશે તો વિવા માણીશું. ૩૦.
માટે દેવરીયા દેરાણી લાવો, અમ ઉપર નથી તમારો દાવો;
ત્યારે રાધિકા આઘેરાં આવી, બોલ્યાં વચન મોઢું મલકાવી. ૩૧.
શી શી વાતો રે કરો છો સખી, નારી પરણવી રમત નથી;
કાયર પુરૂષનું નથી એ કામ, વાપરવા જોઈએ ઝાઝેરા દામ ૩૨.
ઝાંઝર નૂપુર ને ઝીણી જવમાલા ! અણઘટ વીંછીઆ ઘાટે રૂપાળા;
પગપાને ઝાઝી ઘુઘરીઓ જોઈએ, મહોટે સાંકળે ઘુઘરા જોઈએ. ૩૩.
સોના ચુડલો ગુજરીના ઘાટ, છલ્લા અંગુઠી અરિસા ઠાઠ;
ઘુઘરી પોંચી ને વાંક સોનેરી, ચંદન ચુડીની શોભા ભલેરી. ૩૪.
કલ્લાં સાંકળાં ઉપર સિંહમોરા, મરકત બહુ મુલા નંગ ભલેરા;
તુલશી પાટીયાં જડાવ જોઈએ, કાલીકંઠીથી મનડું મોહિએ. ૩૫.
કાંઠલી સોહીએ ઘુઘરીયાળી, મનડું લોભાયે ઝુમણું ભાળી;
નવસેરો હાર મોતીની માળા, કાને ટીંટોડા સોનેરી ગાળા. ૩૬.
મચકણિયાં જોઈએ મુલ્ય ઝાઝાંનાં, ઝીણાં મોતી પણ પાણી તાજાંનાં,
નીલવટ ટીલડી શોભે બહુ સારી, ઉપર દામણી મૂલની ભારી. ૩૭.
ચીર ચુંદડી ઘરચોળાં સાડી, પીલી પટોલી માગશે દહાડી;
બાંટ ચુંદડીઓ કસબી સોહીએ, દશેરા દીવાળી પહેરવા જોઈએ. ૩૮ .
મોંઘા મુલના કમખા કહેવાય, એવડું નેમથી પુરૂં કેમ થાય;

માટે પરણ્યાની પાડે છે નાય, નારીનું પુરૂં શી રીતે થાય;
ત્યારે લક્ષ્મીજી બોલ્યાં પટરાણી, દીયરના મનની વાતો મેં જાણી. ૩૯.
તમારૂં વયણ માથે ધરીશું, બેઉનું પુરૂં અમે કરીશું;
માટે પરણો ને અનોપમ નારી, તમારો ભાઈ દેવ મોરારી. ૪૦.
બત્રીશ હજાર નારી છે જેહને, એકનો પાઠ ચડશે તેહને;
માટે હૃદયથી ફીકર ટાળો, કાકાજી કેરૂં ઘર અજવાળો. ૪૧.
એવું સાંભળી નેમ ત્યાં હસિયા, ભાભીના બોલ હૃદયમાં વસિયા,
ત્યાં તો કૃષ્ણને દીધી વધાઈ, નિશ્ચયે પરણશે તમારો ભાઈ. ૪૨.
ઉગ્રસેન રાજા ઘેર છે બેટી, નામે રાજુલ ગુણની પેટી;
નેમજી કેરો વિવાહ ત્યાં કીધો, શુભ લગ્નનો દિવસ લીધો. ૪૩.
મંડપ મંડાવ્યા કૃષ્ણજીરાય, નેમને નિત્ય ફુલેકાં થાય;
પીઠી ચોળે ને માનની ગાય, ધવળ મંગળ અતિ વરતાય. ૪૪.
તરીયાં તોરણ બાંધ્યાં છે બહાર, મળી ગાય છે સોહાગણ નાર;
જાન સજાઈ કરે ત્યાં સારી. હલબલ કરે ત્યાં દેવ મોરારી. ૪૫.
વહુવારૂ વાતો કરે છે છાને, નહી રહીયે ઘેર ને જાઈશું જાને;
છપ્પન કરોડ જાદવનો સાથ, ભોળા કૃષ્ણ ને બલભદ્ર ભ્રાત,
૪૬. ચડીયા ઘોડલે મ્યાના અસવાર, સુખપાલ કેરી લાધે નહિં પાર;
ગાડાં વેલો ને બગીઓ બહુ જોડી, મ્યાના ગાડીએ જોતર્યા ધોરી. ૪૭.
બેઠા જાદવ તે વેઢ વાંકડીયા, સોવન મુગટ હિરલે જડીયા;
કડાં પોંચીયો બાજુ બંધ કશીયા, શાલો દુશાલો ઓઢે છે રસીયા. ૪૮.
છપ્પન કોટી તો બરોબરીયા જાણું, બીજા જાનૈયા કેટલા વખાણું;
જાનડીઓ શોભે બાલુડે વેષે, વિવેક મોતી પરોવે કેશે. ૪૯.
સોળ શણગાર ધરે છે અંગે, લટકે અલબેલી ચાલે ઉમંગે;

લીલાવટ ટીલી દામણી ચળકે, જેમ વિજળી વાદળે ચમકે. ૫૦.
ચંદ્રવદની મૃગા જો નેણી, સિંહલંકી જેહની નાગસી વેણી;
રથમાં બેસી બાળક ધવરાવે, બીજી પોતાનું ચીર સમરાવે. ૫૧.
એમ અનુક્રમે નારી છે ઝઝી, ગાય ગીત ને થાય છે રાજી;
કોઈ કહે ધન્ય રાજુલ અવતાર, નેમ સરીખો પામી ભરથાર, ૫૨.
કોઈ કહે પુણ્ય નેમનું ભારી, તે થકી મળી છે રાજુલ નારી;
એમ અન્યોન્ય વાદ વદે છે, મહોડાં મલકાવી વાતો કરે છે. ૫૩.
કોઈ કહે અમે જઈશું વહેલી, બળદને ઘી પાઈશું પહેલી;
કોઈ કહે અમારા બળદ છે ભારી, પહોંચી ન શકે દેવ મોરારી. ૫૪.
એવી વાતોના ગપોટા ચાલે, પોત પોતાના મગજમાં મહાલે;
બહોંતેર કળાને બુદ્ધિ વિશાળ, નેમજી નાહીને ધરે શણગાર. ૫૫.
પહેર્યા પીતામ્બર જરકશી જામા, પાસે ઉભા છે નેમના મામા;
માથે મુગટ તે હીરલે જડિયો, બહુ મૂલો છે કસબીનો ઘડીયો. ૫૬.
ભારે કુંડલ બહુ મૂલાં મોતી, શહેરની નારી નેમને જોતી;
કંઠે નવસેરો મોતીનો હાર, બાંધ્યા બાજુબંધ નવ લાગી વાર. ૫૭.
દશે આંગળીયે વેઢ ને વીંટી, ઝીણી દિસે છે સોનેરી લીંટી;
હીરા બહુ જડીયા પાણીના તાજા, કડા સાંકળાં પહેરે વર-રાજા. ૫૮.
મોતીનો તોરો મુગટમાં ઝળકે, બહુ તેજથી કલગી ચળકે;
રાધાએ આવીને આંખડી આંજી, બહુ ડાહી છે નવ જાય ભાંજી. ૫૯.
કુમકુમનું ટીલું કીધું છે ભાલે, ટપકું કસ્તુરી કેરૂં છે ગાલે;
પાન સોપારી શ્રીફળ જોડે, ભરી પોસ ને ચડીઆ વરઘોડે. ૬૦
ચડી વરઘોડો ચઉટામાં આવે, નગરની નારી મોતીએ વધાવે;
વાજાં વાગે ને નાટારંભ થાય, નેમ વિવેકી તોરણે જાય. ૬૧.

ધુંસળ મુસળ ને રવઈઓ લાવ્યા, પોંખવા કારણ સાસુજી આવ્યા;
દેવ વિમાને જુએ છે ચડી, નેમ નહિ પરણે જાશે આ ઘડી. ૬૨.
એવામાં કીધો પશુએ પોકાર, સાંભળો અરજી નેમ દયાળ;
તમે પરણશો ચતુર સુજાણ, પરભાતે જાશે પશુઓના પ્રાણ. ૬૩.
માટે દયા મનમાં દાખો. આજ અમોને જીવતાં રાખો;
એવો પશુઓનો સુણી પોકાર, છોડાવ્યાં પશુઓ નેમ દયાળ. ૬૪.
પાછા તો ફરિયા પરણ્યા જ નહીં, કુંવારી કન્યા રાજુલ રહી;
રાજુલ કહે ન સિદ્ધાં કાજ; દુશ્મન થયાં છે પશુઓ આજ. ૬૫.
સાંભળો સર્વે રાજુલ કહે છે, હરણીને તિહાં ઓલંભો દે છે,
ચંદ્રમાને તેં લંછન લગાડ્યું, સીતાનું તો હરણ કરાવ્યું. ૬૬.
મહારી વેળા તો ક્યાંથી જાગી,નજર આગળથી જાને તું ભાગી;
કરે વિલાપ રાજુલ રાણી;કરમની ગતિ મેં તો ન જાણી. ૬૭.
આઠ ભવની પ્રીતિને ઠેલી, નવમે ભવ કુંવારી મેલી;
એવું નવ કરીએ નેમ નગીના, જાણું છું મન રંગના ભીના. ૬૮.
તમારા ભાઈએ રણમાં રઝળાવી, તે તો નારી ઠેકાણે નાવી;
તમો કુલ તણો રાખો છો ધારો, આ ફેરે આવ્યો તમારો વારો. ૬૯
. વરઘોડે ચડી મહોટો જશ લીધો, પાછા વળીને ફજેતો કીધો;
આંખો અંજાવી પીઠી ચોળાવી, વરઘોડે ચઢતાં શરમ ન આવી. ૭૦.
મહોટે ઉપાડે જાન બનાવી, ભાભીઓ પાસે ગાણાં ગવરાવી;
એવા ઠાઠથી સર્વેને લાવ્યા, સ્ત્રી પુરૂષને ભલા ભમાવ્યા. ૭૧.
ચાનક લાગે તો પાછા જ ફરજો, શુભ કારજ અમારૂં રે કરજો;
પાછા ન વળિઆ એક જ ધ્યાન, દેવા માંડ્યું તિહાં વરસી જ દાન.

૭૨. દાન દઈને વિચાર જ કીધો, શ્રાવણ સુદિ છઠનું મુહૂરત લીધો;
દીક્ષા લીધી ત્યાં ન લાગી વાર, સાથે મુનિવર એક હજાર. ૭૩.
ગિરનારે જઈને કારજ કીધું, પંચાવનમે દિન કેવલ લીધું;
પામ્યા વધાઈ રાજુલ રાણી, પીવા ન રહ્યાં ચાંગળું પાણી. ૭૪.
નેમને જઈ ચરણે લાગી; પીયુજી પાસે મોજ ત્યાં માગી;
આપો કેવલ તમારી કહાવું, શુકન જોવાને નહીં જાવું. ૭૫.
દીક્ષા લઈને કારજ કીધું, ઝટપટ પોતે કેવલ લીધું;
મળ્યું અખંડ એ આતમરાજ, ગયા શિવસુંદરી જોવાને કાજ. ૭૬.
સુદિની આઠમ અષાઢ ધારી, નેમ વરીયા શિવ વધુ નારી;
નેમ રાજુલની અખંડ ગતિ, વર્ણન કેમ થાયે મારી જ મતિ. ૭૭.
યથાર્થ કહું બુદ્ધિ પ્રમાણે, બેઉના સુખ તે કેવલી જાણે.
ગાશે ભણશે ને જે કોઈ સાંભળશે, તેના મનોરથ પુરા એ કરશે. ૭૮.
સિદ્ધનું ધ્યાન હૃદયે જે ધરશે તે તો શિવવધુ નિશ્ચય વરશે,
સંવત ઓગણીસ શ્રાવણ માસ, વદની પાંચમનો દિવસ ખાસ. ૭૯.
વાર શુક્ર ને ચોઘડીયું સારૂં, પ્રસન્ન થયું મનડું મારૂં;
ગામ ગાંગડના રાજા રામસિંહ, કીધો શલોકો મનને ઉછરંગ. ૮૦.
મહાજનના ભાવ થકી મેં કીધો, વાંચી શલોકો મોટો જશ લીધો,
દેશ ગુજરાત રેવાશી જાણો, વિશાશ્રીમાલી નાત પ્રમાણો. ૮૧.
પ્રભુજીની કૃપાથી નવનિધિ થાય, બેઉ કરજોડી સુરશશી ગાય;
નામે દેવચંદ પણ સુરશશી કહીયે, બેઉનો અર્થ એક જ લઈએ. ૮૨.
દેવ સૂરજ ને ચંદ્ર છે શશી, વિશેષ વાણી હૃદયમાં વસી;
બ્યાસી કડીથી પુરો મેં કીધો, ગાઈ ગવડાવી સુયશ લીધો. ૮૩.

## સ્તવન (૧)

સખી શ્રાવણની છઠ ઉજળી, ભલી વિજળીનો ઝબકાર રે,
એતી વેલા પિયુજી રહ્યા, રાણી રાજુલને દરબાર રે
પિયુજી વસે કૈલાસમાં, નેમજી વસે ગિરનારમાં.. આંકણી... ૧
પાછા તોરણ આવી વળ્યા, કરી અમને તે કંથ વિયોગી રે,
કંસાર મુજ ચાખ્યા વિના, વ્હાલો હુઓ છે ભિક્ષાનો ભોગી રે...
પીયુજી૦ ૨

રૂડી શ્યામ ઘટા ગગને રહી, વ્હાલો શામળ સુંદર વાન રે,
સહસાવને સમતા ધરી, રહ્યા મૌન તે ઉજ્જવલ ધ્યાન રે...
પીયુજી૦ ૩

કોઈ દોષ વિના દયિતા તજી, મને મેલી છે બાલે વેષ રે,
યૌવન વયમાં એકલી, તજી પિયુજી ચાલ્યા પરદેશ રે...
પીયુજી૦ ૪

સૌ યાદવ સાખે નવિ દિયો, જો હાથની ઉપર હાથ રે,
હાથ મેલાવીશ મસ્તકે, દેવ-દેવી સાખે જગનાથ રે...
પીયુજી૦ ૫

ઈમ રાજુલ રાગ-વિરાગસે, નેમ નામનો મંત્ર જંપાય રે,
કાલાંતરે પ્રભુ કેવલી, સુણી રાજુલ વંદન જાય રે...
પીયુજી૦ ૬

ચરણધરે નવ ભવ સુણી, શિવ પહોતા સલુણી નાહ રે,
ગોત્ર વિનાસે ઉપનો, ગુણ ગુરુ અગુરુ અવગાહ રે...
પીયુજી૦ ૭

સિદ્ધ આદિ અનંતે ભંગસુ, રંગ રીઝે બની ખરી પ્રીત રે,
શ્રી શુભવીર વિનોદશ્યું, નિત્થ આવે છે ખિણ ખિણ પિત્ત રે...
પીયુજી૦ ૮

## સ્તવન - (૨)

સાખી - સરસ્વતી સ્વામીને વિનવું સદ્‌ગુરૂ લાગુજી પાય રે,
મોતીવાડા જિનવરજી, મારા તે વાળ્યા ન વળાય...

**( રાગ :- સિંહાસન કાંઈ )**

હે માધવપુરનો માંડવો, શૌરીપુરીનો છે શિરદાર
કોણે તે લખી કંકોતરી, કોણે તે રાંધ્યો કંસાર
ઉગ્રસેને લખી છે કંકોતરી, રૂક્ષ્મણીએ રાંધ્યો કંસાર...
માધવપુરનો માંડવો...૧

પશ્ચિમથી રે આવ્યા કાંઈ પાનનાં બીડલા,
ગિરનારથી રે કાંઈ આવ્યા છે નાળિયેર,
રાજુલ બેઠી છે ગોખમાં રે, જુવે છે કાંઈ જાનની વાટ... માધવ... ૨
કઈ દિશાથી જાન આવશે, ઉડે છે રે કાંઈ અબીલ ગુલાલ,
રાજુલ તે સાહેલીને વિનવે, વિવાહમાં રે કાંઈ હોશે વિઘન,
રાજુલ બેઠી છે ગોખમાં રે, જુવે છે કાંઈ જાનની વાટ... માધવ... ૩

(-રાગ : અમદાવાદી પાલખી )

છપ્પન કોડી જાદવ મલી આવ્યા, સત્યભામા ગાવે છે ગીત;
નેમજી તે તોરણ આવીયા રે, પશુડે માંડ્યો છે પોકાર,
રાજુલ બેઠી છે ગોખમાં.... ૪
નેમજીએ સાળાને પૂછીયું, માંડવડે આવડો શો શોર,
રાત્રે રાજુલ બેની પરણશે રે, પ્રભાતે ગૌરવ દેવાય
રાજુલ બેઠી છે ગોખમાં.... ૫

( રાગ : ગામમાં સાસરુ ને )

જાઓ પંખીડા પાણી પીઓ રે લોલ, નગરીમાં કરો રે કલ્લોલ રે

ધિક્ પડ્યું આ પરણવું રે લોલ, શલ્ય પડ્યો સંસાર રે
રાજુલ બેઠી છે ગોખમાં.... ૬

નેમજીએ રથ પાછો વાળીયો રે લોલ, જઈ ચઢ્યા ગઢ ગિરનાર રે,
રોતા રાજુલ બેની નિસર્યા રે લોલ, મનાવે માયને બાપ રે
રાજુલ બેઠી છે ગોખમાં.... ૭

( રાગ : તને સાચવે )

પાછા વળો રાજુલબેની પાતળા રે, તેથી ભલેરો ભરથાર રે,
સરખી સાહેલીઓ મેણા મારશે રે, હે રાજુલને કાળો ભરથાર
રાજુલ બેઠી છે ગોખમાં.... ૮

કાળા તે ભમર હાથીયા રે, કાળા તે મેઘ મલ્હાર
કાળી તે કસ્તુરી મધમધે રે, કાળી તે કાજળ મેશ
રાજુલ બેઠી છે ગોખમાં.... ૯

( રાગ : લીલુડા વાંસની વાસળી )

કાજળ ભરેલી મારી દાબડી રે (૨) એ તો મેલી છે ગોખની માંય,
જાણે તે કાલે જઈશું સાસરે રે, (૨) આંજીશું અણીયાલી આંખ
રાજુલ બેઠી છે ગોખમાં.... ૧૦

ઘરેણાં ભરેલો મારો દાબડો રે, (૨) એ તો મેલ્યો છે પટારામાંય,
જાણે તે કાલે જઈશું સાસરે રે, (૨) સજીશું સોળ શણગાર
રાજુલ બેઠી છે ગોખમાં.... ૧૧

**૩ ( પરણ્યા એટલે પ્યારા બેની )**

રાજુલ બેની તમારું કપડું સીવડાવ્યું મંગળવાર રે
ન પહેર્યું પિયર કે સાસરે, ન પહેર્યું માને મોસાળ રે (૧)

નથી કાઢ્યા સસરાજીનાં ઘુમટા, ન પડ્યા સસરાજીને પાય રે,
નથી તાણ્યા જેઠજીનાં ઘુમટા, ન વધ્યા જેઠાણીનાં વાદ રે (૨)
ન ચાખી દિયરની સુખડી રે, ન ઓળ્યા નણદીનાં વાળ રે,
ન ચઢ્યા ચોરીને ચોગઠે રે, નથી પહેરી વરમાળ રે. (૩)
હાથે તે હાથ ન મેળવ્યો રે, ન જમ્યા કંસાર રે,
પુરુષને વ્હાલી પાઘડી રે, રાજુલને વ્હાલો ભરથાર રે. (૪)

**( મેરા જીવન )**

નેમજીએ કાગળ લખી મોકલ્યો રે, અમે છીએ ગઢ ગિરનાર,
સંયમ લેવો હોય તો આવજો રે, ઉપન્યું છે કેવલજ્ઞાન. (૧)

( રાગ : રાજુલબેની સંસાર છોડી )

રાજુલ બેની નિસર્યા રે, સંયમ લેવાને કાજ (૨)
સંયમ લેઈ કેવલ પામી, સાધ્યા આતમકાજ...(૨). ..રાજુલ...૧
ધન ધન નેમ રાજુલ જેણે, પાળી પૂરણ પ્રીત (૨)
હિરવિજય ગુરૂ હિરલો ને, લબ્ધિવિજય ગુણ ગાય.(૨)...રાજુલ...૨


## "નેમનાથની નવ ભવની સજ્ઝાય"

રાણી રાજુલ કરજોડી કહે, એ, તો યાદવકુલ શણગાર રે,
વાલા મારા આઠ રે ભવનો નેહલો, પ્રભુ મત મેલો વિસારી રે વાલા..(૧)
હું તો વારી રે જીનવર નેમજી,
મોરી વિનતડી અવધાર રે વાલા
સુરતરૂ સરીખો સાહીબો, હું તો નિત્ય નિત્ય ધરું દેદાર... વાલા (૨)
પ્રથમ ધનપતિને ભવે, તું ધન નામે ભરતાર રે ...વાલા
વાલા નિશાળે જાતાં મુજને, છાનો મેલ્યો મોતી કેરો હાર... વાલા (૩)
દીક્ષા લેઈ હરખે કરી તિહાં દેવ તણો અવતાર રે ....વાલા


**પ.પૂ. તપાગચ્છસૂર્ય ગચ્છાધિપતિ આચાર્યભગવંત શ્રીમદ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય રત્ન (પંચ પરમેષ્ઠિના તૃતીય પદે આરૂઢ થનાર) પંન્યાસપ્રવર રત્નશેખર વિજયજી મ. સા. ની પ્રેરણાથી**

- શ્રી શાન્તાક્રુઝ તપાગચ્છ શ્વેતામ્બર મૂ. પૂ. જૈન સંઘ- મુંબઈ
- શ્રી શ્વેતામ્બર મૂ. પૂ. જૈન સંઘ - નાગપુર
- શ્રી સાગર જૈન ઉપાશ્રય - પાટણ
- શ્રી શ્વેતામ્બર મૂ. પૂ. જૈન-સમી
- શ્રી સુપાર્શ્વનાથાય શ્વે. મૂ. પૂ. જૈન સંઘ - નખત્રાણા, કચ્છ
- શ્રી ભક્તિ પાર્શ્વનાથ આનંદનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ - નવાવાડજ, અમદાવાદ.
- શ્રી શ્વેતામ્બર મૂ. પૂ. જૈન સંઘ - ઉદયપુર
- શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ - ગોદાવરી, અમદાવાદ
- મુનીશ્રી વિદ્યાચંદ્ર વિ. મ. સા. ની પ્રેરણાથી તેમના ૨૫ વર્ષના સંયમ જીવન અનુમોદનાર્થે...
  શ્રી કચ્છ-કોડાય વિશા ઓસવાલ શ્વે. મૂ. પૂ. જૈન મહાજન સંઘ
- ભરતભાઈ ભાઈલાલભાઈ - ગોરેગાંવ, મુંબઈ
- અમેરિકા નિવાસી લીલાવતીબેન વીરચંદભાઈ શાહ પરિવાર

પ.પૂ.આ.વિ. ધર્મસૂરિ મ.સા.




પ.પૂ.આ.વિ. ભક્તિસૂરિ મ.સા.



પ.પૂ.આ.વિ. સુબોધસૂરિ મ.સા.



તપાગચ્છસૂર્ય પ.પૂ. આ.દેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.







પ.પૂ. નૂતન આચાર્યદેવશ્રી વિજય
રત્નશેખરસૂરીશ્વરજી મ.સા.



# શુભેચ્છક

**પૂ.સા.શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા. (સંસારી સુપુત્રી)**
**ની પ્રેરણાથી**





(પુત્રી) (પુત્રી)

**થરા નિવાસી સુ... દલાલ શાહ**
**હાલ મુંબઇ, મલાડ**

ડીઝાઈન :
જૈનમ ગ્રાફીક્સ
અમદાવાદ. ફોન-૨૫૬૨૭૪૫૯, મો. ૯૮૨૫૮ ૫૧૭૩૦